RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 71* Date: 06.01.2022 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાન મોદીની સુરક્ષામાં મોટી ચુક

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પંજાબના ફિરોઝપુરમાં થનારી રેલી રદ





ચંડીગઢ,તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પંજાબના ફિરોઝપુરમાં થનારી રેલી રદ થઈ ગઈ છે. પહેલા ખરાબ હમામાનના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હતો, પરંતુ હવે તેના પાછળ સુરક્ષા કારણોનો હવાલો આપવામાં આવી રહ્યો છે. પીએમ મોદી દિલ્હી પરત ફરી રહ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ સંબંધમાં પંજાબ સરકાર પાસેથી રિપોર્ટ મંગાવ્યો છે. ભાજપે પંજાબના મુખ્યમંત્રીનું રાજીનામું માંગ્યું છે. ઉલ્લેખનીય છે કે કૃષિ કાયદા રદ થયા પછી પીએમ મોદીનો આ પહેલો પંજાબ પ્રવાસ હતો, જ્યારે તેઓ લોકોને સંબોધિત કરતા. આ રેલીમાં પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદરસિંહ પણ સામેલ થવાના હતા.

ગૃહ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પીએમ સવારે ભટિંડા પહોંચ્યા હતા. ત્યારબાદ ત્યાંથી તેઓ હેલિકોપ્ટર દ્વારા હુસૈનીવાલામાં રાષ્ટ્રીય શહીદ સ્મારક જવાના હતા. પરંતુ વરસાદ અને ઓછી વિઝિબિલિટીના કારણે પીએમને પહેલા ૨૦ મિનિટ રાહ જોવી પડી હતી. પછી આકાશ ચોખ્ખું ન હતું તે જોઈને તેમણે ત્યાં રોડ માર્ગે જવાનું નક્કી કર્યું. લગભગ ૨ કલાક જેટલો સમય લાગવાનો હતો. પંજાબ પોલીસના ડીજીપીને આ અંગે જાણ કરતાં જરૂરી સુરક્ષા વ્યવસ્થાની સંમતિ લેવામાં આવી હતી.વધુમાં જણાવવામાં આવ્યું કે જ્યારે કાફલો રાષ્ટ્રીય શહિદ સ્મારકથી ૩૦ કિલોમીટર દૂર હતા, ત્યારે રસ્તામાં એક ફ્લાયઓવર આવ્યો. ત્યા રસ્તાને પ્રદર્શનકારી દ્વારા જામ કરવામાં આવ્યું હતું. એ ફ્લાયઓવર પર પીએમ મોદીનો કાફલો ૧૫-૨૦ મિનિટ સુધી ફસાયો. તેને ગૃહમંત્રાલયે પીએમની સુરક્ષામાં મોટી ચૂક ગણાવી.

અશ્વિની શર્માએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પંજાબ જઈ ત્યાની જનતાને પેકેજ (યોજનાઓની જાહેરાત) આપવા માંગતા હતા. પરંતુ તેમને ના કરવા દીથા. તેમને કાર્યક્રમ સ્થળે પહોંચવા ના દેવામાં આવ્યા. પીએમ મોદીને સુરક્ષા આપવામાં ના આવી. સીએમ ચન્નીને રાજીનામું આપવું જોઈએ.

પંજાબના ફિરોઝપુરમાં રેલી રદ થવા પર કોન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું કે ઘણા કારણોથી વડાપ્રધાન મોદી અમારી ઉપસ્થિત ન રહી શક્યા, પરંતુ વડાપ્રધાને જણાવ્યું કે અમે આ કાર્યક્રમ રદ નથી કરી રહ્યા મોકૂફ કરી રહ્યા છીએ.ગૃહ મંત્રાલય તરફથી આ અંગે નિવેદન આપવામાં આવ્યું છે અને પંજાબ સરકાર પાસે જવાબ પણ માગવામાં આવ્યો છે ભાજપે આ મામલે મુખ્યમંત્રી ચન્ની પાસે રાજીનામું પણ માગ્યું છે. ઘટનાની ગંભીરતા વ્યક્ત કરતા ભઠિંડા એરપોર્ટ પર મોદીએ અધિકારીઓને કહ્યું- હું એરપોર્ટ સુધી જીવતો પહોંચી શક્યો, તે માટે તમારા મુખ્યમંત્રીને થેક્સ કહેજો.ગૃહ મંત્રાલય તરફથી આ અંગે નિવેદન બહાર પાડવામાં આવ્યું છે અને એમાં લખવામાં આવ્યું છે કે પીએમ સવારે બઠિંડા પહોંચ્યા હતા. પછી તેમને ત્યાંથી હેલિકોપ્ટરથી હુસૈનીવાલમાં રાષ્ટ્રીય શહીદ સ્મારક જવાનું હતું. જોકે વરસાદ અને ઓછી વિઝિબિલિટીને કારણે પહેલા પીએમને ૨૦ મિનિટની રાહ જોવા પડી હતી. પછીથી તેમણે આકાશ સાફ ન દેખાતાં રોડ માર્ગે જવાનો નિર્ણય કર્યો હતો, એમાં લગભગ ૨ કલાકનો સમય લાગવાનો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પંજાબના ફિરોઝપુરના પ્રવાસે હતા. આ દરમિયાન રાજયમાં ૪૨,૭૫૦ કરોડ રૂપિયાની વિવિધ વિકાસલક્ષી યોજનાઓનો શિલાન્યાસ કરવાના હતા. પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલાં પીએમ મોદીનો આ પ્રવાસ ખૂબ જ મહત્ત્વનો ગણવામાં આવતો હતો. કેન્દ્ર સરકાર દ્વારા કૃષિ કાયદાઓને પરત લીધા પછી વડાપ્રધાનનો આ પંજાબનો પ્રથમ પ્રવાસ હતો. દિલ્હીમાં કૃષિ કાયદાઓની વિરુદ્ધના આંદોલનમાં મોટા ભાગના ખેડૂતો પંજાબના હતા.

## દેશમાં કોરોનાના છેલ્લા ૨૪ કલાકમાં ૫૮,૦૯૭ નવા કેસ

નવીદિલ્હી,તા.૫

દેશમાં વધી રહેલા કોરોના કેસ હવે ફરી ડરવા લાગ્યા છે. બુધવારના રોજ સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૮,૦૯૭ નવા કેસ નોંધાયા છે અને ૫૩૪ લોકોના મોત થયા છે. જ્યારે ૧૫,૩૮૯ લોકો સાજા પણ થયા છે. નવા કેસ આવ્યા બાદ ભારતમાં કોરોનાના કુલ એક્ટિવ કેસ વધીને ૨,૧૪,૦૦૪ થઈ ગયા છે. દેશમાં સંક્રમિતથી મૃત્યુઆંક વધીને ૪,૮૨,૫૫૧ થઈ ગયો છે, જ્યારે દેશમાં અત્યાર સુધીમાં ૧૪૭.૭૨ કરોડ લોકોને કોરોના વિરોધી રસી આપવામાં આવી છે. દેશનો પોઝિટિવિટી રેટ વધીને ૪.૧૮ ટકા થઈ ગયો છે.

મહારાષ્ટ્રમાં ઓમિક્રોનના સૌથી વધુ ૬૫૩ કેસ દેશમાં ઓમિક્રોન કેસની કુલ સંખ્યા વધીને ૨,૧૩૫ થઈ ગઈ છે. મહારાષ્ટ્ર અને દિલ્હીમાં ઓમિક્રોનના સૌથી વધુ ૬૫૩ અને ૪૬૪ કેસ છે. ઓમિક્રોનના ૨,૧૩૫ દર્દીઓમાંથી૮૨૮ દર્દીઓ રિકવર પણ થયા છે. મહારાષ્ટ્ર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, તમિલનાડુ, ગુજરાત, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, બિહાર, ઓડિશા, હિમાચલ પ્રદેશ, કેરળ, ગોવા,પંજાબ અને તેલંગાણાના કેસ સહિત કોરોનાના કેસ ૫૦,૦૦૦ને વટાવી ગયા છે.

ઉૐના મુખ્ય વૈજ્ઞાનિક સૌમ્યા સ્વામીનાથને જણાવ્યું હતું કે, ઓમિક્રોન ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે, પરંતુ તેના માટે ચિંતા કરવાની જરૂર નથી. તેનાથી બચવામાટે ખૂબ જ સાવચેતી અને સાવધાની રાખવાની જરૂર છે. કારણ કે, સાવધાની એ નિવારણ છે. જ્યારે પણ તમે ઘરની બહાર નીકળો ત્યારે માસ્ક પહેરો. દરેકના મનમાંઆ વાત સ્પષ્ટપણે હોવી જોઈએ કે, કોરોના વાયરસનો અંત આવ્યો નથી અને દરેકે સતર્ક રહેવાની જરૂર છે. ચિંતા કરવાની જરૂર નથી પણ સાવધાન રહેવાની જરૂર છે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ઓમિક્રોન વિશે ચિંતા કરવાની નહીં, સાવચેત રહેવાની જરૂર છે. તેમણે જાહેરાત કરી હતી કે, ૧૦ જાન્યુઆરીથી આરોગ્યકર્મચારીઓ અને ગંભીર બીમારીથી પીડિત ૬૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધોને ડોકટર્સની સલાહ પર કોરોના રસીના પ્રીકોશન ડોઝ આપવામાં આવશે

## ચીનને ભારતીય જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો,ગલવાન ઘાટીમાં ફરકાવ્યો તિરંગો

નવીદિલ્હી,તા.૫

ભારતીય સેનાએ નવા વર્ષના પ્રસંગે લદ્દાખની ગલવાન ઘાટીમાં તિરંગો ફરકાવ્યો છે. સુરક્ષા એજન્સીઓના સૂત્રોના મતે ભારતીય સેનાના જવાનોએ નવા વર્ષની પૂર્વ સંધ્યા પર ગલવાનમાં રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો હતો. સેનાએ આ પગલું એવા સમયે ઉઠાવ્યું છે જ્યારે મીડિયાના કેટલાક રિપોર્ટમાં એવો દાવો કરાવ્યો હતો કે ચીને સૈનિકોએ થોડા દિવસો પહેલા આ ક્ષેત્રમાં પોતાનો ઝંડો લહેરાવ્યો હતો. કેટલાક દિવસો પહેલા ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સના રિપોર્ટ પ્રમાણે ચીને ભારતના પૂર્વોત્તર રાજ્ય અરુણાચલ પ્રદેશમાં ૧૫ સ્થાનોની ચીની અક્ષરો, તિબ્બતી અને રોમન વર્ણમાલાના નામની જાહેરાત કરી હતી. ચીન અરુણાચલ પ્રદેશના દક્ષિણ તિબેટ હોવાનો દાવો કરે છે.

ભારતે ચીન દ્વારા અરુણાચલ પ્રદેશના ૧૫ સ્થાનોના નામ બદલવાના પગલાને સ્પષ્ટ રુપથી ફગાવી દીધું હતું અને સ્પષ્ટ કહ્યું હતું કે આ રાજય હંમેશા ભારતનું અભિન્ન અંગ રહ્યું છે અને હંમેશા રહેશે. નામો બદલાવવાથી આ તથ્ય બદલાશે નહીં. ભારત અને ચીનની સરહદ ૩૪૮૮ કિલોમીટર લાંબી વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) શેર કરે છે જેને લઇને બન્ને વચ્ચે વિવાદ છે.

ચીન દ્વારા અરુણાચલ પ્રદેશના કેટલાક સ્થાનોના નામ પોતાની ભાષામાં ફેરફાર કરવાના રિપોર્ટ પર મીડિયાના એક સવાલના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું હતું કે ચીને એપ્રિલ ૨૦૧૭માં પણ આવા નામ બદલવાનો પ્રયત્ન કર્યો હતો.પૂર્વી લદ્દાખમાં ૨૦ મહિનાથી વધારે સમયથી ચાલી રહેલા સૈન્ય ગતિરોધ વચ્ચે ચીને લદ્દાખમાં ભારતીય ક્ષેત્રની સામે લગભગ ૬૦,૦૦૦ સૈનિકો તૈનાત કર્યા છે. વાસ્તવિક નિયંત્રણ રેખા પર પોતાની સેનાની ઝડપથી અવરજવરમાં મદદ કરવા માટે પોતાના બુનિયાદી સ્ટ્રક્ચરનું નિર્માણ યથાવત્ રાખ્યું છે. ગરમીઓના મોસમમાં ચીની સૈનિકોની સંખ્યા ઘણી વધી ગઈ હતી કારણ કે તે ગરમીઓમાં પ્રશિક્ષણ માટે મોટી સંખ્યામાં સૈનિકોને સરહદ પર લાવ્યા હતા. તે હવે પોતાના સ્થાને પરત ફર્યા છે. જોકે તે હજુ પણ લદ્દાખના વિપરિત ક્ષેત્રોમાં લગભગ ૬૦,૦૦૦ સૈનિકો યથાવત્ છે. સરકારી સૂત્રોએ સમાચાર એજન્સી એએનઆઈને આ જાણકારી આપી છે.

## વિદેશ મંત્રી જયશંકરે અમેરિકા-રશિયા સાથેના સંબંધોની સમીક્ષા કરી

,નવીદિલ્હી,તા.૫

વિદેશ મંત્રી એસ જયશંકરે આ અઠવાડિયે તેમના અમેરિકન અને રશિયન સમકક્ષો સાથે દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી હતી. જયશંકર બંન્ને દેશો સાથે વિવિધ ક્ષેત્રોમાં આયોજિત મંત્રણા કરવા જઈ રહ્યા છે. અગાઉ તેઓ ભારત સાથે બંને દેશોના સંબંધોની સમીક્ષા કરી ચૂક્યા છે. જયશંકરે મંગળવારે ટ્વીટ કર્યું હતું કે, સોમવારે રાત્રે યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકન સાથે તેમણે વિસ્તૃત વાતચીત કરી હતી. વાતચીતમાં વર્તમાન દ્વિપક્ષીય મુદ્દાઓ, ઈન્ડો-પેસિફિક અને વૈશ્વિક મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા.

વિદેશ મંત્રી જયશંકરે કહ્યું કે, આ દરમિયાન બંને નેતાઓ દ્વારા નવા વર્ષની શુભેચ્છાઓનું આદાનપ્રદાન થયું હતું. બંને દેશોના વિદેશ મંત્રીઓ વચ્ચે આ ચર્ચા એવા સમયે થઈ છે જ્યારે ભારત અને અમેરિકા વિદેશ અને રક્ષા મંત્રીઓના સ્તરે 'ટુ પ્લસ ટુ' મંત્રણાના આગામી તબક્કાની તૈયારી કરી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે 'ટુ પ્લસ ટુ' વાટાઘાટ આ મહિનાના અંતમાં અથવા ફેબ્રુઆરીમાં વોશિંગ્ટનમાં થઈ શકે છે.

આ સંવાદ ઈન્ડો-પેસિફિક સહિત અનેક મુખ્ય ક્ષેત્રોમાં અને સંરક્ષણ સંશોધન અને ઉત્પાદન ક્ષેત્રે સહકારને માર્ગદર્શન આપવામાં મદદ કરશે. તે જ સમયે, જયશંકરે અન્ય એક ટ્વિટમાં કહ્યું, 'આજે સાંજે રશિયાના વિદેશ પ્રધાન સેર્ગેઈ લવરોવ સાથે નવા વર્ષની શુભેચ્છાઓની આપલે કરી. વાર્ષિક પરિષદ અને 'ટુ પ્લસ ટુ' મીટિંગ પછી થયેલી પ્રગતિની ચર્ચા કરી. સતત સંપર્ક જાળવવા માટે સંમત થયા હતા.' રશિયન દૂતાવાસ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ભારતીય પક્ષ દ્વારા શરૂ કરવામાં આવેલી ફોન વાતચીત દરમિયાન, લવરોવ અને જયશંકરે ભારત-રશિયા સમિટના પરિણામોને અનુસર્યા હતા. દ્વિપક્ષીય સહયોગના વ્યવહારિક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

દૂતાવાસના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, બંને મંત્રીઓએ અર્થતંત્ર અને રોકાણ, પરમાણુ ઉર્જા, અવકાશ, ઉચ્ચ ટેકનોલોજી અને આરોગ્યસંભાળના ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારી સંબંધોને મજબૂત બનાવવાના તેમના ઈરાદાને મજબુત કર્યા. તેઓએ આગામી ઉચ્ચ સ્તરીય સંપર્કોની તૈયારીઓ અંગે ચર્ચા કરી.

## પુલવામામાં સુરક્ષાદળોને સફળતા, અથડામણમાં જૈશના ૩ આતંકીઓ ઠાર

શ્રીનગર,તા.૫

જમ્મુ-કાશ્મીરનાં પુલવામા ખાતે સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે વહેલી સવારે અથડામણ સર્જાઈ. જેમાં સુરક્ષાદળોએ ત્રણ આતંકીઓને ઠાર માર્યા છે. ત્યારબાદ સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારમાં સર્ચ ઑપરેશન હાથ ધર્યું છે. પોલીસ સૂત્રો અનુસાર, સુરક્ષાદલોને આ વિસ્તારમાં આતંકીઓ હોવાની સૂચના મળી હતી.જે બાદ સુરક્ષાદળોએ સવારે ઓકે વિસ્તારમાં ઘેરાબંધી કરી સર્ચ હાથ ધર્યું હતું. જે દરમ્યાન એક ઘરમાં સંતાયેલા આતંકવાદીઓએ સુરક્ષાદળઓ પર અંધાધૂંધ ફાયરિંગ શરૂ કર્યું હતું. જેથી સુરક્ષાદળોએ વળતી કાર્યવાહીના ભાગરૂપે ત્રણ આતંકીઓને ઠાર માર્યા.

મૃતક આંતકવાદીઓ પાસેથી એકે-૪૭, પિસ્તોલ મળી આવી હતી. ગત પાંચ દિવસમાં કાશ્મીર ખીણમાં ૧૪ આતંકવાદીઓને સફાયો કરવામાં આવ્યો છે. જેમાં ચાર આતંકવાદીઓ તો પાકિસ્તાનના હતા. આ અગાઉ ગત રોજ દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લામાં સુરક્ષાદળોએ બે આતંકીઓને ઠાર માર્યા હતા.મૃતક બંને આતંકવાદીઓ સ્થાનિક આતંકી લશ્કર-એ-તોયબના સભ્ય હોવાનું સામે આવ્યું છે.

## તમિલનાડુમાં રવિવારે લોકડાઉન; દિલ્હી અને કર્ણાટક પણ વિકએન્ડ લોકડાઉન આપી ચૂક્યા છે

ચેન્નાઈ,તા.૫

તમિલનાડુના હેલ્થ મિનિસ્ટર સુબ્રમણ્યમે રાજયમાં રવિવારે સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી છે. તેમણે કહ્યું છે કે શનિવારે રાજયમાં મેગા-કોવિડ-૧૯ વેક્સિનેશન કેમ્પ યોજવામાં આવશે.તમિલનાડુમાં મંગળવારે કોરોનાના નવા ૨૭૩૧ કેસો નોંધાયા છે, અને ૯ દર્દીઓના મોત નિપજ્યાં છે. અત્યાર સુધી રાજયમાં ૨૭ લાખ ૫૫ હજારથી વધુ કેસ નોંધાયા છે. તેમાંથી ૨૭ લાખ ૬ હજાર લોકો સાજા થઈ ગયા છે, જ્યારે ૩૬,૮૦૫ લોકોના મોત થયા છે. હાલ તમિલનાડુમાં એક્ટિવ દર્દીઓની સંખ્યા ૧૨,૪૧૨ છે.

દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને કહ્યું છે કે રાજધાનીમાં કોરોનાની ત્રીજી લહેર આવી ગઈ છે. અહીં કોવિડ વોર રૂમને સક્રિય કરવામાં આવ્યો છે. તેમાં, એક્ટિવ દર્દીઓ, બેડ અને ઓક્સિજન વિશે હોસ્પિટલ મુજબનો ડેટા રાખવામાં આવશે. તમામ કોવિડ સેમ્પલની જીનોમ સિક્વન્સિંગ શક્ય નથી તેથી હાલમાં માત્ર ૩૦૦-૪૦૦ સેમ્પલની જ સિક્વન્સિંગ કરવામાં આવી રહી છે.

સ્વાસ્થ્ય મંત્રીને બુધવારે રાજધાનીમાં લગભગ ૧૦,૦૦૦ નવા સંક્રમિત મળવાની આશંકા છે. તેમણે કહ્યું કે દિલ્હી સરકારે ખાનગી હોસ્પિટલોમાં કોવિડ દર્દીઓ માટે આરક્ષિત બેડની સંખ્યા વધારવાનો આદેશ જારી કર્યો છે.

ખાનગી હોસ્પિટલો બેડની ક્ષમતા ૧૦% થી વધારીને ૪૦% કરશે. જૈનના જણાવ્યા અનુસાર, સરકારી હોસ્પિટલોમાં દર્દીઓને માત્ર ૨% બેડ પર દાખલ કરવામાં આવે છે.મુંબઈના પ્રવકતા અનુસાર, ડ્રાઈવરો સહિત ૬૦ કર્મચારીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

## પ.બંગાળમાં કોરોના વિસ્ફોટ, ૧૩ સીબીઆઇ ઓફિસર્સ અને ૧૦૦થી વધુ પોલીસકર્મીઓનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો



કોલકતા,તા.૫

દેશમાં કોરોનાની ત્રીજી લહેરનું આગમન થયું હોય તેવું સામે આવી રહ્યું છે. દેશના વિવિધ રાજ્યોમાં કોરોના મહામારીથી સંક્રમિત કેસોમાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. પશ્ચિમ બંગાળમાં કોરોના ચેપ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. મોટી સંખ્યામાં ડોકટરો, આરોગ્ય કર્મચારીઓ અને પોલીસકર્મીઓ સંક્રમિત થયાના અહેવાલો છે. હવે બંગાળમાં સીબીઆઇના ૧૩ અધિકારીઓ અને કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા હોવાના અહેવાલ છે. કોલકાતાના નિઝામ પેલેસ અને સોલ્ટ લેકમાં સીબીઆઈ ઓફિસમાં ૧૩ સીબીઆઈ અધિકારીઓ સંક્રમિત થયા છે. માત્ર ૪૦ ટકા સ્ટાફ સાથે કામ થઈ રહ્યું છે. જ્યારે કોલકાતા પોલીસના ૧૦૦ થી વધુ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત હોવાના અહેવાલ છે. રાજ્યમાં કોરોનાના ૯૦૭૩ નવા કેસ સામે આવ્યા છે. તેમાંથી માત્ર કોલકાતામાં ૪૭૫૩ કોરોના સંક્રમિત જોવા મળ્યા છે. મંગળવારે કોલકાતામાં પોલીસ વિભાગમાં વધુ ૩૮ પોલીસ કર્મચારીઓ કોરોના સંક્રમિત જોવા મળ્યા છે. આવી સ્થિતિમાં કોલકાતા પોલીસમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૨૧ પર પહોંચી ગઈ છે. સોમવારે તેમની સંખ્યા ૮૩ હતી. મળતી માહિતી મુજબ, મંગળવારે કોલકાતા પોલીસ ફોર્સમાં ત્રણ આઈપીએસ અધિકારીઓ સહિત ૩૮ નવા પોલીસકર્મીઓ કોરોના સંક્રમિત થયા છે. આ સાથે ૧૨૧ સંક્રમિતોમાં ૧૧ આઈપીએસ અધિકારીઓનો સમાવેશ થાય છે. બીજી તરફ જો પશ્ચિમ બંગાળ પોલીસમાં કામ કરતા પોલીસકર્મીઓની વાત કરીએ તો મંગળવાર સુધીમાં કુલ ૭૬ પોલીસકર્મીઓ કોરોના સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે.

જેમાં પાંચ આઈપીએસ અધિકારીઓનો સમાવેશ થાય છે. લાલબજાર સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસ કર્મચારીઓના સતત ચેપને કારણે, કોઈપણ અન્ય પોલીસકર્મી અને તેના પરિવારને જો તેમાં કોઈ લક્ષણો દેખાય તો તરત જ વિભાગના વરિષ્ઠ અધિકારીને જાણ કરવા કહેવામાં આવ્યું છે, જેથી તેનો તરત જ ટેસ્ટ કરી શકાય.

## તંત્રી સ્થાનેથી...

# ઘૂસણખોરીનો ખતરો યથાવત



*નવું વર્ષ શરૂ થઈ ગયું છે પરંતુ કેટલાક જૂના પડકારો પહેલાંની જેમ જ ચાલુ રહેવાના છે, તેનું પ્રમાણ છે પાકિસ્તાન તરફથી ઘૂસણખોરીની કોશિશ. વર્ષના પહેલા જ દિવસે પાકિસ્તાન બોર્ડર એક્શન ટીમનો એક આતંકી કાશ્મીરમાં ઘૂસણખોરીની કોશિશમાં માર્યો ગયો. તેની પાસેથી એ.કે.૪૭ સહિત વિસ્ફોટક પણ બરામદ થયા. પાકિસ્તાનની નાગરિકતા ઓળખપત્ર ધરાવતો આ આતંકી સેનાની વર્દીમાં પણ હતો. સ્પષ્ટ છે કે પાકિસ્તાની સેનાએ તેને મોકલ્યો હતો. ઘૂસણખોરીની આ કોશિશના થોડા કલાકો પહેલાં જ નિયંત્રણ રેખા પર બંને દેશોના સૈનિકો વચ્ચે મીઠાઈઓનું આદાન-પ્રદાન થયું હતું. પાકિસ્તાની સૈનિકોએ ભારતીય સૈનિકોની શુભકામનાઓનો જવાબ પણ આપ્યો હતો, પરંતુ તેનાથી પહેલાંની જેમ જ સાવધાન રહેવા અને સીમા પર ચોકસાઈ વધારવાની જરૂર છે. આ જરૂરિયાત એટલા માટે વધી ગઈ છે, કારણ કે તેના ક્યાંય કોઈ સંકેત નથી દેખાતા કે પાકિસ્તાન ભારતમાં આતંકવાદ ફેલાવવા અને પોતાને ત્યાં પ્રશિક્ષિત આતંકીઓની ઘૂસણખોરી કરાવવાનું છોડવાનું નથી. ઘૂસણખોરીની તાજી કોશિશ તો એ જ કહી રહી છે કે બરફવર્ષા છતાં સીમા પારથી આતંકીઓની ઘૂસણખોરી કરાવવાની કોશિશ થતી રહેશે. આ કોશિશને કોઇપણ ભોગે નિષ્ફળ કરવી, કારણ કે પાકિસ્તાન તેનાથી બેચેન દેખાઈ રહ્યું છે કે કાશ્મીરમાં સક્રિય આતંકીઓની સંખ્યા સતત ઘટી રહી છે. એક એવા સમયે જ્યારે જમ્મુ-કાશ્મીર પોલીસ અને ત્યાં તૈનાત સુરક્ષા બળ આતંકીઓના સફાયામાં લાગ્યા છે અને તેને કારણે ઘાટીમાં તેમની સંખ્યા ૨૦૦થી પણ ઘટી ગઈ છે ત્યારે તેના માટે હરસંભવ ઉપાય કરવા પડશે કે સીમા પારથી આતંકીઓની નવી ખેપ આવી ન શકે. એ પણ ઉલ્લેખનીય છે કે કાશ્મીરના યુવા આતંકી બનવા માટે સીમા પાર જવાથી મોં ફેરવી રહ્યા છે. આ એક શુભ સંકેત છે, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે તેમને ઉશ્કેરવા અને ભરમાવવાનું કામ હજુ પણ ચાલુ જ છે. આ કામમાં પાકિસ્તાન પણ સંડોવાયેલું છે. તેને જોતાં પાકિસ્તાન અને ખાસ કરીને તેની સેનાને એ સંદેશ આપવો જ પડશે કે આતંકીઓની ઘૂસણખોરીની કોઈપણ કોશિશ બર્દાસ્ત નહીં કરવામાં આવે, કારણ કે હવે એ ખતરો પેદા થયો છે કે પાકિસ્તાની સેના આતંકીઓની ઘૂસણખોરી કરાવવા માટે સંઘર્ષ વિરામ સમજૂતીનું પણ ઉલ્લંઘન કરી શકે છે. તેથી વધુ સતર્ક રહેવાની જરૂર છે. તેની સાથે જ એના પર પણ ધ્યાન આપવું પડશે કે એ તાકાતો નવેસરથી માથું ન ઊંચકી શકે જે કાશ્મીરમાં માહોલ ખરાબ કરવાનું કામ કરે છે. આ તાકાતો સાથે એ નેતાઓ પર પણ નજર રાખવી પડશે જે રહી-રહીને પાકિસ્તાનની ભાષા બોલતા રહે છે. એવાં તત્ત્વોના દુસ્સાહસનું દમન થયું જ છે, પરંતુ એ યાદ રહે કે તેઓ સંપૂર્ણપણે નિષ્ક્રિય નથી થયા.*

ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડમીક ઈન્સ્ટિટ્યુશન-વાઈબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ ૨૦૨૨

# સાયન્સ સિટી ખાતે બે દિવસીય 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશનલ્સ'નો મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં થયો પ્રારંભ

## નવી શિક્ષણ નીતિના અમલના દિશાદર્શનનો રોડ મેપ અને સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી SSIP 2.0નું લોન્ચીંગ સંપન્ન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વાઈબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ - ૨૦૨૨ના ભાગરૂપે આયોજિત બે દિવસીય 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન'નો પ્રારંભ કરાવતાં જણાવ્યું કે, આત્મનિર્ભર ભારતનો ધ્યેય પરિપૂર્ણ કરવા NEPના માધ્યમથી વિશ્વભરના પ્રતિષ્ઠિત શિક્ષણવિદો, યુનિવર્સિટીના તજજ્ઞોનું આ વિચાર મંથન ગુજરાતને ગ્લોબલ એજ્યુકેશન હબ બનાવશે.

ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન'માં નવી નેશનલ એજ્યુકેશન પોલીસી અંગે વિશદ ભૂમિકા આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીપૂર્ણ માર્ગદર્શનમાં સાડા ત્રણ દાયકા બાદ નવી નેશનલ એજ્યુકેશન પોલીસીની રચના થઇ છે

. આ નેશનલ એજ્યુકેશન પોલિસી નયા ભારતના નિર્માણમાં બહુ જ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવાની છે. એટલું જ નહી, પ્રધાનમંત્રીશ્રીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને આ નીતિ બળ આપનારી છે તેમ તેમણે કહ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, કોઇ પણ દેશના સર્વાંગી વિકાસ માટે એક સુઆયોજિત શૈક્ષણિક નીતિ ખૂબ જરૂરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલથી દેશ આર્થિક, સામાજિક, બૌદ્ધિક અને શૈક્ષણિક ક્ષેત્રે ક્રાન્તિકારી પરિવર્તન માટે સજ્જ બન્યો છે.

દેશમાં મૌલિક અને પ્રતિભાસંપન્ન યુવાનોના ઘડતર માટે સમયને અનુરૂપ જરૂરિયાતો પ્રમાણેની વ્યાપક શિક્ષણ વ્યવસ્થા જોઈએ. તે વ્યવસ્થા પૂરી પાડવાનું મોટું કામ વડાપ્રધાનની આગેવાનીમાં પાર પડી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આત્મનિર્ભર ભારતની કલ્પના વાસ્તવિક સ્વરૂપ ધારણ કરી રહી છે, ત્યારે નવી એજ્યુકેશન પોલિસીના સુચારૂ અમલીકરણથી ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે દેશમાં સાનુકૂળ માહોલ ઊભો થયો છે. દેશ-રાજ્યના યુવાનો વર્તમાન અને ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે સજ્જ થઈ શકે તેનું પણ નવી નીતિમાં ધ્યાન રાખવામાં આવ્યું છે એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું કે, ભારત દુનિયાનો સૌથી યુવા દેશ છે. ત્યારે આ ડેમોગ્રાફિક ડિવિડન્ડનો લાભ લેવા માટે કેન્દ્ર સરકાર કેપેસિટી બિલ્ડીંગ, સ્કીલ ડેવલપમેન્ટ, રિસર્ચ એન્ડ ઈનોવેશન માટે ઊંચા લક્ષ્યો સિદ્ધ કરી રહી છે.

ગુજરાતે રિસર્ચ એન્ડ સ્કીલ ડેવલપમેન્ટને હંમેશા પ્રાધાન્ય આપયુ છે. નવા જમાનાને અનૂરૂપ, વૈશ્વિક પડકારો સામે સક્ષમતાથી સફળ થાય તેવા રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર ફાયનાન્સિયલ સપોર્ટ પણ કરે છે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

પ્રધાનમંત્રીશ્રીએ જ્ઞાનશક્તિના મહત્વને વધુ વ્યાપક ફલક આપવા વિશ્વમાં શ્રેષ્ઠ હોય તે ગુજરાતની ધરતી પર ઉતારવાનો શિક્ષણ ક્રાંતિ યજ્ઞ આદર્યો હતો. તેમના દિશાદર્શનમાં ગુજરાતે સેક્ટર સ્પેસિફિક એજ્યુકેશનલ યુનિવર્સિટીઝની શરૂઆત પાછલા બે દશકોથી કરી છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કહ્યું કે, આજે ગુજરાતમાં ૯૧ જેટલી યુનિવર્સિટીઝ ૨૮૬૦ ઉપરાંત સંસ્થાઓ દ્વારા આધુનિક જ્ઞાન યુવાઓને મળી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુણવત્તાયુકત એટલે કે ક્વોલિટી એજ્યુકેશનથી ઉજ્જ્વળ ભાવિ પેઢી નિર્માણ માટે ગુજરાતમાં પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ગુણોત્સવનો નવો કોન્સેપ્ટ સફળતાપૂર્વક પાર પાડયો છે.

ગુજરાત સરકારે નેશનલ એજ્યુકેશન પોલિસી - ૨૦૨૦ના મુખ્ય પાસાઓને અનુરૂપ વિવિધ મહત્વપૂર્ણ પગલાંઓ હાથ ધર્યા છે.

ગુજરાતનું શિક્ષણ ક્ષેત્ર આવા અનેક મજબૂત આધારસ્તંભ પર વિકસી રહ્યું છે. આ જ આધારસ્તંભ પર નવી એજ્યુકેશન પોલિસીનો પણ ખૂબ ઝડપથી અમલ કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે.

આ પોલિસીના અમલીકરણથી એક એવી ઈકોસીસ્ટમ તૈયાર થશે અને આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ખૂબ ઉપયોગી બની રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ભારતની સનાતન સંસ્કૃતિમાં સૈકાઓ પહેલાં ગુરૂકુળ પરંપરા હતી. વલભી, તક્ષશિલા, નાલંદા જેવી વિદ્યાપીઠો શિક્ષણ માટે વિશ્વપ્રસિદ્ધ હતી. દેશ-દેશાવરથી શિષ્યો પણ ભારતમાં ભણવા માટે આવતા.

ICAI-2022ના ભાગરૂપે વર્લ્ડ-ક્લાસ યુનિવર્સિટી અંગે વાઈસ ચાન્સેલર્સ કોક્લેવનું આયોજન સદીઓથી આપણી આવી યુનિવર્સિટીઓ જ્ઞાનના પ્રસારનું મુખ્ય કેન્દ્ર રહી છે તે વાતની પુષ્ટિ કરે છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આપણી યુનિવર્સિટીઝને વર્લ્ડ-ક્લાસ બનાવવા માટે સમય સાથે કદમ મિલાવતી જરૂરી પદ્ધતિઓ, પ્રણાલીઓ, માળખાગત બાબતો અને અભિગમ અંગેના કેસ સ્ટડીઝને સમજવા માટે આ કોન્ફરન્સમાં યોજાનારી વાઈલ ચાન્સેલર્સ કોક્લેવ ઉપયોગી બનશે.

ગુજરાત શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ દ્વિ-દિવસીય સંમેલનના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે, શિક્ષણની આંતરરાષ્ટ્રીય સમિટ થકી રાજ્ય શિક્ષણ ક્ષેત્રે નવો ઈતિહાસ રચવા ગુજરાત રાજ્ય સજ્જ બન્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર રાષ્ટ્રમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલી કરવામાં આવી છે. આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના શ્રેષ્ઠ અમલીકરણ દ્વારા રાજ્યની શિક્ષણ વ્યવસ્થા વૈશ્વિક સ્તરની બને તે માટે ગુજરાત સરકારે પ્રયાસો હાથ ધર્યા છે.

શિક્ષણ મંત્રીશ્રીએ આ પ્રસંગે વિશેષમાં જણાવ્યું કે, આજે સાયન્સ સિટી ખાતે આંતરરાષ્ટ્રીય સ્તરની સંમેલનનું આયોજન થયું છે તે સાયન્સસીટી શ્રી નરેન્દ્રભાઇ મોદીના દૂરદર્શી અને દ્રષ્ટિવંત નેતૃત્વનુ પરિણામ છે.

સાયન્સ સિટીમાં કાર્યરત રોબોટિક ગેલેરી, એક્વેટિક ગેલેરી સહિતના વૈવિધ્યપૂર્ણ પ્રકલ્પો દેશ-વિદેશના લોકોને આકર્ષી રહ્યા છે.

દ્વિ-દિવસીય શિક્ષણ સમિટ રાજયના બાળકોના સંશોધન અને જ્ઞાનનું રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે આદાન પ્રદાન કરશે.જે આત્મનિર્ભર ગુજરાત થી આત્મનિર્ભર ભારતના ના સંકલ્પને ચરિતાર્થ કરશે.

ગુજરાત રાજ્ય રાષ્ટ્રીય શિક્ષા નીતિનું અસરકારક અમલીકરણ કરાવવામાં સમગ્ર દેશમાં મોખરે રહ્યું છે.

આ કોન્ફરન્સમાં હોલિસ્ટિક એજ્યુકેશન સ્કીલ ડેવલપમેન્ટ, આંતરપ્રિન્યોર્સિપ, ડિજિટલ એજ્યુકેશન, જેવા વિવિધ વિષયો નો સમાવેશ કરાશે. જે વિદ્યાર્થીઓના શિક્ષણને વધુ પરિપક્વ બનાવશે.




શિક્ષણ મંત્રી શ્રી એ જણાવ્યું કે, રાજ્યમાં SSIP. 1.0 સફળ પરિણામો બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં શિક્ષણ વિભાગ દ્વારા SSIP(Students Startup Innovation Policy) 2.0 પોલીસી લોન્ચ કરવામાં આવી છે.

આ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી ૨.૦. ધોરણ-૬ થી પી.એચ.ડી. સુધીના બાળકો યુવાઓના નવોન્મેષ વિચારો અને સંશોધનને નવી રાહ ચીંધશે તેવો ભાવ શિક્ષણ મંત્રીએ વ્યક્ત કર્યો હતો.

રાજયની શાળાઓની શિક્ષણ વ્યવસ્થાને વધુ ગુણવત્તાસભર બનાવવા તેમજ તેની માળખાગત સુવિધાઓમાં વધારો કરવા માટે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજયના શિક્ષણ વિભાગે વિભિન્ન પ્રયાસો હાથ ધર્યા છે.

ધોરણ ૯ થી ૧૨ ના વિધાર્થીઓ માટે વોકેશનલ સેન્ટર કાર્યરત કરાવીને તેમને પ્રાકૃતિક ખેતીથી માહિતગાર કરવાની દિશામાં શિક્ષણ વિભાગે હાથ ધર્યા છે.

ગુજરાત સરકારના સર્વાંગી વિકાસ અને વ્યવસ્થાપનના પગલે જ આજે સમગ્ર દેશના ગુડ ગવર્નન્સ આંકમાં ગુજરાતે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યું છે જે સમગ્ર રાજ્ય માટે ગૌરવંતી બાબત છે. આ પ્રસંગે શિક્ષણમંત્રીશ્રીએ દેશ-વિદેશથી આવેલા ડેલિગેટ્સ, રોકાણકારોને રાજ્યના ગાંધી આશ્રમ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાયન્સ સીટી જેવા વિવિધ પ્રમુખ સ્થાનોની મુલાકાત લેવા માટે પણ આમંત્રણ પાઠવ્યું હતું.

આ સમિટમાં શૈક્ષણિક ક્ષેત્રના ૩૦ જેટલા એમ.ઓ.યુ. પણ સંપન્ન થયા હતા તથા નવી શિક્ષણ નીતિના દિશાદર્શનનો રોડમેપ અને SSIP. 2.0નું લોન્ચીંગ પણ થયું હતું.

આ કોન્ફરન્સમાં કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ કિંગડમ, નોર્વે અને ફ્રાન્સ જેવા દેશો કન્ટ્રી પાર્ટનર તરીકે સહભાગી થયા છે. જ્યારે બ્રિટિશ કાઉન્સિલ, ટાઈમ્સ હાયર એજ્યુકેશન, વર્લ્ડ બેંક, યુનેસ્કો, યુનિસેફ, યુ.એન-વુમન, ધી ઓર્ગેનાઇઝેશન ફોર ઈકોનોમિક કોઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ આ કોન્ફરન્સના આંતરરાષ્ટ્રીય પાર્ટનર્સ છે. એટલું જ નહી, સ્કીલ ઈન્ડિયા, દ્રજીઢઝ, નીતિ આયોગ, AICTE, NBA, EDCIL અને i-Care નેશનલ પાર્ટનર્સ છે.

આ પ્રસંગે રાજ્ય મંત્રી સર્વ શ્રી ડો. કુબેરભાઇ ડિંડોર, કિર્તિસિંહ વાધેલા, બ્રિજેશકુમાર મેરજા, પૂર્વ ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા, કેન્દ્રિય સચિવ શ્રીમતી અનિતા કરવાલ,મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી એસ.જે.હૈદર, ગુજરાત યુનિવર્સિટી વાઇસ ચાન્સેલર ડો. હિમાંશુ પંડ્યા સહિતના અન્ય વાઈસ ચાન્સેલર, શિક્ષણવિદો અન્ય ઉચ્ચ અધિકારીઓશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમાં સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન કલેકશનમાં ૬૨ ટકાનો વધારો

ગાંધીનગર,તા.૫

રાજ્ય અને દેશમાં હાલ કોરોનાની ત્રીજી લહેર આવવાની આશંકા સેવાઇ રહી છે, ત્યારે રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં આનંદદાયક સમાચાર છે. ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રણ ત્રિમાસિક ગાળામાં સ્ટેમ્પ ડ્યુટી અને મિલકતની નોંધણીમાંથી સરકારની આવકમાં ૬૨ ટકાનો વધારો થયો છે. આ સાથે સાથે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ આ વર્ષે એપ્રિલથી ડિસેમ્બર વચ્ચે નોંધાયેલી મિલકતોની સંખ્યામાં ૩૪ ટકાનો ઉછાળો નોંધાયો છે.

સ્ટેમ્પ ડ્યુટી અને પ્રોપર્ટી રજિસ્ટ્રેશનમાંથી સરકારની આવક ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં રૂપિયા ૭,૪૯૯ કરોડ હતી, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં રૂપિયા ૪,૬૨૪ કરોડથી ૬૨ ટકા વધુ છે. તેવી જ રીતે ૨૦૨૦-૨૧ વર્ષના એપ્રિલ-ડિસેમ્બર સમયગાળામાં મિલકતની નોંધણીની સંખ્યા ૭,૪૪,૫૦૦ હતી. આ ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં ૩૪ ટકા વધીને ૯,૯૫,૮૦૯ પર પહોંચી ગયા છે. રજિસ્ટ્રેશનની સંખ્યામાં વધારો અને સ્ટેમ્પ ડ્યુટી અને મિલકતોના રજિસ્ટ્રેશનમાંથી સરકારની આવક બંનેમાં જોરદાર વધારો એ ગુજરાતના રિયલ એસ્ટેટ સેક્ટરમાં ભારે ઉછાળો દર્શાવે છે, જે માત્ર વિશાળ રોજગાર જ પ્રદાન કરતું નથી, પરંતુ આર્થિક પ્રવૃત્તિને પણ વેગ આપે છે. અમદાવાદમાં માત્ર બે દિવસમાં માસ્ક વિનાના ૧૮૫૦ લોકો પકડાયા, ૧૮ લાખ દંડ વસૂલાયો ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ બે ત્રિમાસિક ગાળામાં રાજ્યએ કોરોનાની બીજી લહેરનો સામનો કર્યો, ત્યારે પણ રિયલ એસ્ટેટ ક્ષેત્રની આ પ્રભાવશાળી રેલી આવી છે.

રાજ્યના મહેસૂલ વિભાગના મુખ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૨૦૨૦-૨૧ નાણાકીય વર્ષમાં લોકડાઉન અને અન્ય નિયંત્રણોને કારણે થયેલા નુકસાન ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રણ ક્વાર્ટરમાં નોંધપાત્ર રીતે ઉલટાવી દેવામાં આવ્યું છે. સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશનથી સરકારની આવકમાં સ્પષ્ટપણે વધારો થયો છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, સ્ટેમ્પ ડ્યુટીથી આવકમાં ૬૨ ટકા અને નોંધાયેલ મિલકતોની સંખ્યામાં ૩૪ ટકાનો વધારો અસાધારણ છે. ગયા વર્ષે (૨૦૨૦-૨૧) અમારી પાસે સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફીના બજેટ અંદાજોમાં એકંદરે આવક અંદાજ ખામી હતી. આ વર્ષે સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશનમાંથી રૂપિયા ૧૧,૦૦૦ કરોડ એકત્ર કરવાના અંદાજ સામે, અમે પહેલેથી જ ૬૮ ટકા એકત્ર કરી લીધું છે અને અમે વર્ષના અંત સુધીમાં લક્ષ્ય સુધી પહોંચવાની અપેક્ષા રાખીએ છીએ.

# બગડાનું વર્ષ

આમ તો એનું કશું મહત્ત્વ નથી. છતાં વર્તમાન સમયમાં જે રીતે સાવ ફાલતુ, ક્ષુલ્લક અને જૂઠી વાતોને પણ આદરણીય વડાપ્રધાનના કુશળ નેતૃત્વ હેઠળ થયેલી જાહેર કરવામાં આવે છે, એ પરંપરામાં કહી શકાયઃ ૨૦૨૨ના નવા વર્ષના આંકડામાં એક જ આંકડો ત્રણ વાર આવે છે.

જોયું? આને કહેવાય ચમત્કાર. નહેરુ જેવા નહેરુ ને ગાંધીજી જેવા ગાંધીજી પણ આવો ચમત્કાર કરી શક્યા ન હતા, જે માનનીય વર્તમાન (કે વર્તમાન માનનીય?) વડાપ્રધાનશ્રીના પ્રતાપી નેતૃત્વને કારણે શક્ય બન્યું છે. થોડા વખત પહેલાં ચાર ગ્રહો એક લાઇનમાં દેખાતા હતા, ત્યારે કોઈ ચેનલે એવું કેમ નહીં કહ્યું હોય કે 'જોયું? સાહેબે ગ્રહો જેવા ગ્રહોને કેવા લાઇનમાં ઊભા રાખી દીધા?' શક્ય છે કે ત્યારે ચેનલોનું ધ્યાન કાશીમાં થયેલા ઉત્સવમાં પરોવાયેલું હોય. કાશી પરથી યાદ આવ્યુઃ પહેલાં કાશીનું મરણ અને સુરતનું જમણ વખણાતું હતું. પરંતુ સાહેબશ્રીએ જે રીતે ચચ્ચાર વાર કપડાં બદલીને આખા સમારંભને નવી ઊંચાઈ પ્રદાન કરી, ત્યાર પછી 'સુરતનું જમણ અને કાશીનાં પહેરણ' એવી કહેણી પ્રચલિત બની શકે છે. એક જ વર્ષમાં એક આંકડો ત્રણ વાર આવતો હોય, એવું અગાઉ ૧૯૯૯માં, ત્યાર પહેલાં ૧૮૮૮માં, તેની પહેલાં ૧૭૭૭માં એવી રીતે થયું હતું ને હવે ૨૧૧૧માં થશે. તેનાથી જ્યોતિષના નામે, અંકશાસ્ત્રના નામે અને બીજાં અનેક નામે અષ્ટમપષ્ટમ ચલાવનારા સિવાય બીજા કોઈને કશો ફરક પડે તેવો સંભવ નથી. કારણ કે વગર ત્રણ બગડે ગયું વર્ષ અગાઉનાં બે વર્ષ બગડેલાં જ છે. હવે ૨૦૨૨ પડીકામાં શું લઈને આવ્યું છે, તેની ચિંતામિશ્રિત ઉત્સુકતા છે. ૨૦૨૧ના છેલ્લા દિવસ ગણાઈ રહ્યા હતા અને ૨૦૨૨ પહોંચવામાં હતું, ત્યારે કોરોના વાયરસના ઓમિક્રોન સ્વરૂપે તેના સ્વાગતની તૈયારીઓ શરૂ કરી દીધી. ૨૦૨૧માં છેલ્લે છેલ્લે ફરી એક વાર કોરોનાના કેસ નોંધાવા અને વધવા લાગ્યા. વધારો એટલો મોટો ન હતો કે સરકારને તે અસરકારક રીતે 'મેનેજ કરવાના',એટલે કે છુપાવવાના, કામે લાગી જવું પડે. સરકારની ઉદારતાને કારણે પ્રસાર માધ્યમો દ્વારા લોકોને જાણવા પણ મળ્યું કે ઓમિક્રોનના કેસ ખરેખર વધી રહ્યા છે.

કેસ વધ્યા એટલે સરકારે ફરી વાર શહેરોમાં રાત્રે કરફ્યૂની જાહેરાત કરી છે. પુરાણકથાઓમાં આવતું હતું કે રાક્ષસી તાકાતોનું જોર રાત્રે બહુ વધી જાય. ભીમપુત્ર ઘટોત્કચની કથામાં પણ એવું કહેવાતું હતું કે ઘટોત્કચ રાત્રે સૈન્ય લઈને આવતો અને હાહાકાર મચાવતો હતો. પરંપરા સાથે અનુસંધાન રાખવા આતુર વહીવટી તંત્રે આવા કોઈ કારણસર રાત્રે કરફ્યૂ રાખ્યો હશે? ખબર નથી. કેમ કે, દિવસના સમયે રાજકીય કાર્યક્રમો બેરોકટોક અને બેફામપણે ચાલે છે. રાજનેતાઓને એવો આત્મવિશ્વાસ હોઈ શકે છે કે 'અમારી ઘાતક શક્તિ સામે વાઇરસિયાનો શો ક્લાસ? અમે તો લોકોને વગર સ્પર્શે તેમના રૂંવે રૂંવે એવો ચેપ ફેલાવી દઈએ કે તે અંદરોઅંદર અવિશ્વાસ કરે ને લડી મરે.' તેમની આવી આત્મનિર્ભરતા અસ્થાને નથી. એટલે જ, રાજનેતાઓની ઘાતક શક્તિને સામાન્ય લોકોએ પોતાના હિસાબે અને જોખમે જ અવગણવી. નેતાઓ એક તરફ સાવચેતીનાં પગલાંની વાતો કરે અને બીજી તરફ તોતિંગ રેલીઓ-સભાઓ કરે, ત્યારે ઘણાને ગુસ્સો આવે છે. તેમને થાય છે કે 'અમારે પ્રસંગોમાં ઓછાં માણસ બોલાવવાનાં અને તમે મન ફાવે એટલી ભીડ ભેગી કરો, એમ?' આવો બળાપો કાઢનારા લોકો નેતાઓનો લોકશાહીપ્રેમ સમજી શકતા નથી. તેમને લાગે છે કે નેતાઓ પોતાની સત્તાનો મન ફાવે તેમ ઉપયોગ કરે છે. હકીકતમાં નેતાઓ લોકો સાથે એટલું મજબૂત જોડાણ અનુભવે છે—ખાસ કરીને ચૂંટણીનું વાતાવરણ જમાવવાનું હોય ત્યારે—કે તે લોકોનો વિરહ બિલકુલ સહન કરી શકતા નથી. નેતાઓ લોકોને મળે નહીં, તો આ જ લોકો ફરિયાદ કરતા હોય છે કે 'નેતાઓ એક વાર મત લઈ ગયા પછી પાંચ વર્ષે દેખાય છે.' બીજી તરફ, નેતાઓ લોકમિલન યોજે ત્યારે તેની સામે પણ આંગળીચીંધણું કરવામાં આવે છે. તો નેતાઓ બિચારા કરે શું? તે કંઈ લોકોની માફક પોતાની મરજીના માલિક નથી. તેમને તો જે પ્રમાણે ચાવી ભરવામાં આવે, તેટલાં ડગલાં અને તે પણ ઉપરથી નક્કી કરાયેલી દિશામાં ચાલવું પડે. આ બાબતે બહુ તો તેમના પ્રત્યે અનુકંપા સેવી શકાય-તેમની દયા ખાઈ શકાય. પણ તેમની ટીકા? એ તો હળાહળ અમાનવીય પ્રતિક્રિયા ગણાય.

નેતાઓ તેમના સાહેબોનાં ચાવીવાળાં રમકડાં છે, એવું સ્વીકારવામાં જેમને અપમાન કે માનહાનિ લાગતાં હોય તેમણે સમજવું જોઈએ કે દરેક જણ છેવટે તો તેના 'સાહેબ'નું—એટલે કે કબીર જેમને 'સાહેબ' કહેતા હતા તે ઈશ્વરનું—ચાવીભરેલું રમકડું છે. નેતાઓ બંને 'સાહેબ' વચ્ચે ભેળસેળ કરી નાખે, તો તેને તેમની ગફલત નહીં, વફાદારી ગણીને રાજી થવું જોઈએ. લોકોએ વિચારવું જોઈએ કે 'ચાલો, તે લોકોને ભલે નહીં, પણ કોઈકને વફાદાર તો છે. આજકાલ સાહેબને વફાદાર છે, તો કોઈક વાર લોકોને પણ વફાદાર થશે.' પણ વફાદારીનો ગુણ જ ન હોય, એવા લોકો પાસેથી કશી આશા રાખી શકાતી નથી.

ગુજરાતીમાં ટનના ભાવે ખડકાતું ચિંતન, સેમી-ચિંતન, નેનો-ચિંતન વગેરે પ્રકારનું સાહિત્ય સતત વેઠ્યા પછી આટલું જ્ઞાન પણ પ્રગટે નહીં, તો બીજા કોઈનો વાંક કાઢવાનો શો મતલબ?

# દિવ્ય કાશી, ભવ્ય કાશી સાબરમતીના તટે ભવ્યાતિભવ્ય સમારોહ યોજાયો

દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને આશીર્વાદ આપવા માટે યોજાયેલા સમારોહમાં ઉપસ્થિત મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ×વડાપ્રધાનશ્રીના કાર્યોથી તેનું પરિણામ પણ જોઈ શકાય છે તે તેઓની સંકલ્પબદ્ધતા છે. ભૂતકાળમાં સાબરમતી નદીના તટે ઝુપડપટ્ટીઓ હતી,જેને તે સમયના શાસકોએ પણ જોઈ હતી પરંતુ દીર્ઘદ્રષ્ટા તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેની કાયાપલટ કરવાનો નિર્ણય કર્યો અને અહીં જે લોકો રહેતા હતા તેમને ખુબ જ સારી પરિસ્થિતિમા રહી શકે તેવી જગ્યાએ શિફ્ટ કરીને આ રિવરફ્રન્ટનું નિર્માણ કર્યું. આજે ભાગદોડ ભરી જીંદગીમાં સાધુ - સંતો પાસે જવાથી દરેક વ્યક્તિને મનની શાંતિ મળે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાની કાર્યશૈલીથી દેશ અને દુનિયામાં સાબિત કરી બતાવ્યું છે કે ભારત દરેક આફતને અવસરમા પલટીને વિકાસ કરી રહ્યું છે તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે છેલ્લા બે વર્ષથી કોવિડ ૧૯ ની મહામારીમા દેશ અને દુનિયાની અર્થ વ્યવસ્થા ડગી ગઈ છે ત્યારે ભારતની આર્થિક વ્યવસ્થાને પ્રધાનમંત્રીશ્રીએ દૂરંદેશી નીતિથી આત્મનિર્ભર ભારત બનાવવાનો સંકલ્પ આપ્યો.અને જનભાગીદારીથી એ સંકલ્પની પૂર્તિ થઈ રહી છે.જેમા ગુજરાત પણ આત્મનિર્ભર ગુજરાત બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.આત્મનિર્ભર ભારતની સંકલ્પબદ્ધતાને ગુજરાત વિકાસની કેડી પર આગળ વધારી રહ્યું છે.

ભારતની સૌથી પ્રાચીન અને નગરી એટલે સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનું કેન્દ્ર બિંદુ સમાન કાશી વિશ્વનાથ ધામ.પૌરાણિક નગરી કાશીને આ સંસારની સૌથી પુરાણી નગરી ગણવામાં આવે છે. અનેક વિદેશી આક્રમણકારીઓના નિશાને ભોગ બનેલા કાશીમાં ઈ.સ્ ૧૭૮૦ માં ઈન્દોરના મહારાણી અહિલ્યાબાઈએ વિશ્વનાથ મંદિર બંધાવ્યું હતું.જેની દિવ્યતા અને ભવ્યતામા વધારો કરવામાં આવ્યો અને મંદિરનું પુનઃનિર્માણ કરવામા આવ્યું.

વારાણસીના સાંસદશ્રી અને ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કાશી વિશ્વનાથ મંદિરનો પુનઃનિર્માણનો સંકલ્પ કર્યો હતો અને તેને સાકાર કરીને લગભગ ૩૦૦ વર્ષ પછી કાશીની કાયાકલ્પ થઈ. ભવ્ય કાશી વિશ્વનાથ કોરિડોરનું નિર્માણ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કરકમલોથી ૧૩ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ લોકાર્પિત કરવામાં આવ્યું છે.

CMYK

# ઉત્તરાયણ...મંગલમય મૃત્યુનું રહસ્ય

સૂર્ય એક રાશીમાંથી બીજી રાશીમાં સ્થાનાંતર કરે તેને સંક્રાંતિ કહે છે.આ પ્રમાણે વર્ષમાં કુલ બાર સંક્રાંતિઓ થાય છે,પરંતુ સૂર્ય ધનુ રાશીમાંથી મકર રાશીમાં સ્થાનાંતર કરે છે,ત્યારે ઉત્તરાયણ શરૂ થાય છે કારણકે આ સમયે સૂર્ય પૃથ?વી આજુબાજુની પોતાની પરિભ્રમણ દિશામાં પણ પરિવર્તન કરી થોડોક ઉત્તર દિશા તરફ ખસે છે.આમ, સૂર્ય ઉત્તર તરફ ખસતો હોવાથી આ દિવસને ઉત્તરાયણ તરીકે ઓળખવામાં આવે છે.આવો ઉત્તરાયણના સંદર્ભમાં મંગલમય મૃત્યુના રહસ્યને સમજીએ...!

અગ્નિજયોતિરહઃ શુક્લઃષણમાસા ઉત્તરાયણમ્ !

તત્ર પ્રયાતા ગચ્છન્તિ બ્રહ્મ બ્રહ્મવિદો જનાઃ !

ધૂમો રાત્રિસ્તથા કૃષ?ણઃ ષણમાસા દક્ષિણાયનમ્ !

તત્ર ચાન્દ્મસં જ્યોતિર્યોગી પ્રાપ?ત નિવર્તતે !! (શ્રીમદ ભગવદ ગીતાઃ૮/૨૪-૨૫)

પ્રકાશ સ્વરૂપ અગ્નિનો અધિપતિ દેવતા,દિવસનો અધિપતિ દેવતા,શુકલપક્ષનો અધિપતિ દેવતા અને છ મહિનાવાળા ઉત્તરાયણના અધિપતિ દેવતા છે એ માર્ગે મૃત્યુ પામીને ગયેલા બ્રહ્મવેત્તા પુરૂષ પહેલાં બ્રહ્મલોકને પ્રાપ?ત થઈને પછી બ્રહ્માની સાથે બ્રહ્મને પ્રાપ?ત થઇ જાય છે.ધૂમનો અધિપતિ દેવતા,રાત્રિનો અધિપતિ દેવતા,કૃષ?ણપક્ષનો અધિપતિ દેવતા અને છ મહિનાવાળા દક્ષિણાયનના અધિપતિ દેવતા છે તે શરીર છોડીને તે માર્ગે ગયેલો સકામ કર્મ કરનાર યોગી ચંદ્માની જ્યોતિને પામીને પાછો આવે છે એટલે કે જન્મ મરણને પ્રાપ?ત થાય છે.

આ ભૂમંડળ પર શુકલમાર્ગમાં સહુથી પહેલો અગ્નિ દેવતાનો અધિકાર રહે છે.શુકલપક્ષ પંદર દિવસનો હોય છે.જે પિતૃઓની એક રાત છે.જ્યારે સૂર્યદેવ ઉત્તરની તરફ ગતિ કરે છે ત્યારે તેને ઉત્તરાયણ કહે છે જેમાં દિવસનો સમય વધે છે તે ઉત્તરાયણ છ મહિનાનો હોય છે કે જે દેવતાનો એક દિવસ છે.જે શુકલમાર્ગમાં જવાવાળા છે તેઓ ક્રમપૂર્વક બ્રહ્મલોકમાં પહોચી જાય છે.બ્રહ્માજીના આયુષ?ય સુધી તેઓ ત્યાં રહીને મહાપ્રલયમાં બ્રહ્માજીની સાથે જ મુક્ત થઇ જાય છે,સચ્ચિદાનંદઘન પરમાત્માને પ્રાપ?ત થઇ જાય છે.અહી બ્રહ્મવિદ પદ પરમાત્માને અપરોક્ષરીતે અનુભવ કરવાવાળા બ્રહ્મજ્ઞાનીઓનું નહી પરંતુ પરોક્ષરીતે જાણવાવાળા મનુષ?યોનું વાચક છે,કારણ કે જો તેઓ અપરોક્ષ બ્રહ્મજ્ઞાની હોત તો અહી જ મુક્ત થઇ જાત અને તેઓને બ્રહ્મલોકમાં જવું ના પડત !

કૃષ?ણમાર્ગે જવાવાળા જીવોને ચંદ્લોકના અધિપતિ દેવતાને સુપ્રત કરવામાં આવે છે.જ્યાં અમૃતનું પાન થાય છે એવા સ્વર્ગ વગેરે લોકોને પ્રાપ?ત થાય છે પછી પોતાના પુણ્ય કર્મો અનુસાર ન્યૂનાધિક સમય સુધી ત્યાં રહીને ભોગ ભોગવીને પાછા ફરે છે.સામાન્ય મનુષ?યો મર્યા પછી મૃત્યુલોકમાં જન્મ લે છે,જેઓ પાપી હોય છે તેઓ આસુરી યોનિઓમાં જાય છે અને તેમનાથી પણ જે પાપી હોય છે તેઓ નરકમાં જાય છે.

કૃષ?ણમાર્ગથી પાછા ફરતી વેળાએ જીવ પહેલાં આકાશમાં આવે છે પછી વાયુને આધિન થઇને વાદળોમાં આવે છે અને વાદળોમાંથી વર્ષા દ્વારા ભૂમંડળ પર આવીને અન્નમાં પ્રવેશ કરે છે પછી કર્માનુસાર પ્રાપ?ત થવાવાળી યોનીના પુરૂષમાં અન્ન દ્વારા પ્રવેશ કરે છે અને પુરૂષના દ્વારા સ્ત્રી જાતિમાં જઇને શરીર ધારણ કરીને જન્મ લે છે આ રીતે જન્મમરણના ચક્કરમાં ફર્યા કરે છે.

મરનાર પ્રાણીઓની ત્રણ ગતિઓ બતાવી છે.ઉધ્વવતિ,મધ્યગતિ અને અધોગતિ..(ગીતાઃ૧૪/૧૮)

સત્વગુણમાં સ્થિત મનુષ?ય સ્વર્ગ વગેરે ઉચ્ચ લોકોમાં જાય છે,રજોગુણમાં સ્થિત મનુષ?યો મનુષ?ય લોકમાં જન્મ લે છે અને તમોગુણનાં કાર્ય નિંદનીય તમોગુણની વૃત્તિમાં સ્થિત તામસી મનુષ?ય અધોગતિને પ્રાપ?ત થાય છે.

જેમનો ઉદ્દેશ્ય પરમાત્મા પ્રાપ?તિનો છે પરંતુ અંતકાળમાં કોઇ સૂક્ષ?મ ભોગવાસનાના કારણે તેઓ યોગથી વિચલિત મનવાળા થઇ જાય છે તેઓ બ્રહ્મલોક વગેરે ઉંચા લોકોમાં જાય છે અને ત્યાં બહુ સમય સુધી રહીને પછી ભૂમંડળ પર આવીને શુદ્ધ શ્રીમંતોના ઘરમાં જન્મ લે છે.

બધા જ મનુષ?યો પરમાત્માની પ્રાપ?તિના અધિકારી છે અને પરમાત્માની પ્રાપ?તિ સુગમ છે કારણ કે પરમાત્મા બધાને આપમેળે પ્રાપ?ત છે.આપમેળે તત્વનો અનુભવ બહુ સુગમ છે તેમાં કંઇ કરવું પડતું નથી.

જેઓનો ઉદ્દેશ્ય પરમાત્માપ્રાપ?તિનો જ છે અને જેઓમાં અહીના ભોગોની વાસના નથી, બ્રહ્મલોકના ભોગોની પણ વાસના નથી,પરંતુ જેઓ અંતકાળમાં નિર્ગુણના ધ્યાનથી વિચલિત થઇ જાય છે તેઓ સીધા યોગીઓના કૂળમાં જન્મ લે છે જ્યાં પૂર્વજન્મકૃત ધ્યાનરૂપી સાધન કરી મુક્ત થઇ જાય છે.

જેમનો ઉદ્દેશ્ય સ્વર્ગ વગેરે ઉંચા લોકોનું સુખ ભોગવવાનો છે તેઓ શુભ કર્મો કરીને ઉંચા લોકોમાં જાય છે અને ત્યાંના દિવ્ય ભોગો ભોગવીને પુણ્ય ક્ષીણ થતાં પાછા ફરીને આવી જાય છે એટલે કે જન્મ મરણને પ્રાપ?ત થાય છે.

સામાન્ય મનુષ?યોની એવી ધારણા છે કે જે દિવસમાં,શુકલપક્ષમાં અને ઉત્તરાયણમાં મરે છે તેઓ તો મુક્ત થઇ જાય,પરંતુ જેઓ રાતમાં,કૃષ?ણપક્ષમાં અને દક્ષિણાયનમાં મરે છે તેઓની મુક્તિ થતી નથી આ ધારણા યોગ્ય નથી કારણ કે અહીયાં જે શુકલમાર્ગ અને કૃષ?ણમાર્ગનું વર્ણન થયું છે તે ઉધ્વગતિને પ્રાપ?ત કરવાવાળાઓના માટે જ થયું છે,એટલા માટે જો એમ જ માની લેવામાં આવે કે દિવસ વગેરેમાં મરવાવાળા મુક્ત થાય છે અને રાત વગેરેમાં મરવાવાળા મુક્ત થતા નથી તો પછી અધોગતિવાળા ક્યારે મરશે ? કેમકે દિવસ-રાત, શુકલપક્ષ-કૃષ?ણપક્ષ અને ઉત્તરાયણ-દક્ષિણાયન ને છોડીને બીજો કોઇ સમય જ નથી.વાસ્તવમાં મરવાવાળા પોતપોતાના કર્મો અનુસાર જ ઉંચનીચ ગતિઓમાં જાય છે.તેઓ ભલે દિવસમાં મરે કે રાતમાં ! શુકલપક્ષમાં મરે કે કૃષ?ણપક્ષમાં મરે ! ઉત્તરાયણમાં મરે કે દક્ષિણાયનમાં મરે ! એનો કોઇ નિયમ નથી.

જેઓ ભગવાનના ભક્ત છે તેઓ ફક્ત ભગવાનને જ પરાયણ હોય છે.તેમના મનમાં ભગવદદર્શન ની જ લાલસા હોય છે.એવા ભક્તો દિવસમાં કે રાતમાં,શુકલપક્ષમાં કે કૃષ?ણ પક્ષમાં, ઉત્તરાયણમાં કે દક્ષિણાયનમાં જ્યારે પણ શરીર છોડે ત્યારે તેઓને લેવા માટે ભગવાનના પાર્ષદો આવી તેમને ભગવદધામમાં લઇ જાય છે.

અહી આપણને શંકા થાય કે મનુષ?ય પોતાના કર્મો અનુસાર જ ગતિ પામે છે તો પછી ભિષ?મજી જેવા તત્વજ્ઞ,જીવનમુક્ત મહાપુરૂષ દક્ષિણાયનમાં શરીર ના છોડીને ઉત્તરાયણની પ્રતિક્ષા કેમ કરી હતી ?

તેનું સમાધાન એ છે કે..ભિષ?મજી ભગવદધામમાં ગયા નહોતા.તેઓ દ્યો નામના વસુ(આજાન દેવતા) હતા.જેઓ શ્રાપના કારણે મૃત્યુલોકમાં આવ્યા હતા.આથી તેઓને દેવલોકમાં જવાનું હતું.દક્ષિણાયન ના સમયે દેવલોકમાં રાત રહે છે અને તેના દરવાજા બંધ રહે છે.જો ભિષ?મજી દક્ષિણાયનના સમયે શરીર છોડત તો તેમને પોતાના લોકમાં પ્રવેશ કરવાના માટે પ્રતિક્ષા કરવી પડત.તેઓ પાસે ઇચ્છા મૃત્યુંનું વરદાન તો હતું જ તેથી તેમને વિચાર્યું કે ત્યાં પ્રતિક્ષા કરવા કરતાં અહી પ્રતિક્ષા કરવી યોગ્ય છે,કારણ કે અહીયાં ભગવાન શ્રી કૃષ?ણનાં દર્શન થતાં રહેશે અને સત્સંગ પણ થતો રહેશે જેનાથી બધાનું હિત થશે આવું વિચારી તેમને પોતાનું શરીર ઉત્તરાયણમાં છોડવાનું નક્કી કરેલ.

ઉતરાયણ એટલે પ્રકાશનો અંધકાર ઉપર વિજય.આપણું જીવન પણ અંધકાર અને પ્રકાશથી વિંટલાયેલું છે.આપણા જીવનમાં રહેલા અજ્ઞાન,વહેમ,અંધશ્રદ્ધા,જડતા,કુસંસ્કાર..વગેરે અંધકારના પ્રતિક છે.આપણે અજ્ઞાનને જ્ઞાનથી,વહેમને વિજ્ઞાનથી,અંધશ્રદ્ધાને સાત્વિક શ્રદ્ધાથી, જડતાને ચેતનાથી અને ખરાબ સંસ્કારોને સંસ્કાર સર્જનથી દૂર કરવાના છે.એ જ સાચી સંક્રાંતિ છે.તેના માટે આપણા સંકલ્પોને બદલવાની જરૂર છે,આપણા મસ્તકમાં રહેલા વિચારો બદલવાની જરૂર છે.કામ, ક્રોધ,લોભ,મોહ,મદ,મત્સર..વગેરે વિકારોથી દૂર રહેવાનો પ્રયત્ન કરવાનો છે.

બધા જ પ્રકારનો સંગ છોડવો જોઇએ પણ જો તે શક્ય ના હોય તો સારા માણસોનો સંગ રાખવો જોઇએ,કારણ કે સત્સંગથી જ જીવન બદલાય છે.કુસંગથી આપણે પતનની ખાઇમાં ગબડી પડીએ છીએ.અનંત ગુણોથી વિભૂષિત એવા કર્ણ,ધૃતરાષ?ટ,શકુનિ,દુર્યોધન અને દુઃશાસન...આ ચંડાલ ચોકડીના સંગથી અધોગતિને પામ્યો હતો.તેથી આપણે જીવન મુક્ત,સત્સંગી,હરિભક્તોનો સંગ કરવો જોઇએ એવો સંક્રાંતિનો સંદેશ છે.

ઉતરાયણના તહેવાર નિમિત્તે સગાં સ્નેહીઓના ઘેર જવાનું,તલના લાડુંની આપ લે કરવાનો,જૂના મતભેદ દૂર કરવાના,વિખવાદ દૂર કરી સ્નેહની સ્થાપના કરવાની છે. ઉત્તરાયણના ઉત્સવમાં તલના લાડુ એ નૈસર્ગિક કારણ છે.કુદરત પણ ઋતુ પ્રમાણે ફળ અને વનસ્પતિ આપે છે.જે ઋતુમાં જે પ્રકારના રોગો થવાની સંભાવના હોય છે તે મુજબ કુદરત ઔષધિ,વનસ્પતિ,ફળો વગેરે આપે છે. શિયાળાની સખત ઠંડીમાં શરીરનાં તમામ અંગો જકડાઇ જાય,લોહીનું પરીભ્રમણ મંદ થાય,શરીર રૂક્ષ થાય ત્યારે સ્નિગ્ધતાની જરૂર રહે છે અને તલમાં આ સ્નિગ્ધતાનો ગુણ હોય છે.આયુર્વેદની દ્રષ?ટિએ તલ આ ઋતુનો આદર્શ ખોરાક છે.

આ દિવસે પતંગ ચગાવવામાં આવે છે.પતંગ ચગાવવા ખુલ્લા મેદાન,મકાનની છત ઉપર જવાથી સૂર્ય સ્નાનનો લાભ મળે છે.આખો દિવસ સૂર્યનો તાપ શરીરને મળે છે જે વિટામિન ડી આપે છે. આખો દિવસ પતંગ ઉડાવવાથી શ્રમ થાય છે તેથી શરીરને કસરત મળે છે,વળી તલ અને આચરકૂચર ખાવાથી પેટમાં થોડું અજીર્ણ થાય છે,જેને કારણે પેટનો બગાડ નીકળી જતાં શરીરને ઘણી રાહત રહે છે.

આપણા જીવનનો પતંગ પણ જગતની પાછળ રહેલી અદ્રષ?ટ શક્તિ (પ્રભુ પરમાત્મા) કોઇ અજ્ઞાત અગાશીમાં ઉભા રહી ચગાવે છે.આકાશમાં લાલ,લીલા,પીળા..વગેરે અનેક રંગના પતંગ ઉડતા જોવા મળે છે તેવી જ રીતે આ વિશ્વના વિશાળ આકાશમાં ગરીબ,તવંગર, સત્તાધીશો,વિદ્વાનો..વગેરે અનેક પ્રકારના લોકો રહે છે.પતંગની હસ્તી અને મસ્તી ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી તેની દોરી સૂત્રધારના હાથમાં હોય છે.સૂત્રધારના હાથમાંથી છૂટેલો પતંગ વૃક્ષની ડાળી પર,વિજળીના તાર પર કે સંડાસની ટાંકી પર ફાટેલી અને વિકૃત દશામાં પડેલો જોવા મળે છે તેવી જ રીતે પ્રભુ પરમાત્માના હાથમાંથી છૂટેલો માનવ પણ થોડા સમયમાં જ ફિક્કો અને અસ્વસ્થ જોવા મળે છે.તેથી આજના દિવસે પ્રભુ પરમાત્માને પ્રાર્થના કરવાની કે હે પ્રભુ ! મારા જીવન રથરૂપી પતંગ ઝોલે ના ચઢે તે માટે તેની દોર હું આપના હાથમાં સોપું છું તેને સલામત રાખજો !

સંકલનઃ
સુમિત્રાબેન ડી.પરમાર નિરંકારી
Sumi7875@gmail.com



# કાવ્ય..મુસાફર

નિઃરવ છે દિલની નગરી,
એક સન્નાટો છે ચારેકોર.
દહેશતમાં છે દીવાલો ને,
છવાયો છે અંધકાર ઘનઘોર,
હમણાં જ તો દિલની નગરીમાંથી,
મહેમાન હતો ને બની ગયો અજાણ.
જાણે ન હો કોઈ ઓળખ એમ,
એક મુસાફર ચાલ્યો ગયો છે.
રડે છે લોહીનાં આંસુએ દિલ,
છાતી ફાડીને એક શોર ઊઠ્યો છે.
ભટકેલ હતો એ કે ધૂની હતો,
બસ ચૂપચાપ એ ચાલી નીકળ્યો છે.
છોડ્યા છે દિલ પર જે નિશાન,
નિશાન તો એ લોહીનાં છે.
ફરી જે આંસુ ટપકશે કાલે,
ફરી લોહીની હોળી થશે કાલે,
નક્કી, ફરી અરમાનોની જ એ ઘાત હશે.

હિંદી કવિતા : સોનિયા સોનમ અક્સ
ભાવાનુવાદ : રાજુલ કૌશિક



સોનિયા સોનમ અક્સ    રાજુલ કૌશિક

# ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન્સ – ૨૦૨૨ શિક્ષણની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ – પાર્ટનર દેશના પ્રતિનિધિઓએ શું કહ્યું ?

Mr. Andreas Scheicher, Director For Education and Skills, OECD,OECDના ડાયરેક્ટર શ્રી એન્ડ્રીયસ સ્લાઈકરે (Andreas Scheicher) જણાવ્યું હતુ કે, વોકેશનલ શિક્ષણ અંતિમ નહીં, પરંતુ પ્રથમ પસંદગી હોવી જોઈએ. ગુજરાત રાજ્ય વિદ્યાર્થીઓને વોકેશનલ શિક્ષણ આપીને લર્નિંગ હબ તરીકે ઉભરી રહ્યું છે. શિખવું ફક્ત રોજગારીનું સાધન નહીં પરંતુ સામાજીક ઉત્તરદાયિત્વ પણ હોવું જોઈએ. ટેકનોલોજીના ઉપયોગ થકી માહિતીનો પ્રચાર-પ્રસાર માત્ર વ્યક્તિગત રીતે લાભદાયી ન બની રહેતા પરંતુ વ્યાપક સામાજીક બદલાવ માટે ભારત સરકારની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ કારગર સાબિત થશે.

Ms.Monica Kennedy, Deputy Consul General, Australia ઓસ્ટ્રેલિયાના પ્રતિનિધી શ્રી મોનિકા કેનેડી એ કહ્યું કે, વૈશ્વિક શિક્ષણવિદોને ગુજરાત સાથે જોડવાનો આ અનેરો અવસર છે. ઓસ્ટ્રેલિયાની શિક્ષણ નિતી અને ભારતની નવી શિક્ષણ નીતિ ૨૦૨૦નો સમન્વય બંને દેશોના શૈક્ષણિક ક્ષેત્રના સંબંધોમાં નવી રાહ ચિંધીને વિધાર્થીઓ માટે નવી તકો ઉપલબ્ધ કરાવશે. ભારત અને ઓસ્ટ્રેલિયા દ્વારા નવીન સંશોધન, સમાવેશી વિકાસ, ટેકનોલોજી અને સંકલન ક્ષેત્રમાં સહિયારા પ્રયાસ બંને દેશોના વિધાર્થીઓ થકી કુશળ અને કાર્યક્ષમ માનવબળ પુરૂ પાડવામાં મદદરૂપ બનશે. Mr.FablenChareix, Scientific and Higher Education attaché for Scientific ad Academic Cooperation,France ફ્રાન્સના પ્રતિનિધી ફેબલેન કારિક્સે (FablenChareix) જણાવ્યું કે, વિવિધ ક્ષેત્રમાં રોકાણ અને વિકાસ સાધીને ફ્રાન્સ વૈશ્વિક સ્તરે ઉભરી આવ્યું છે. પરિવર્તનની વિચારધારા સાથે કાર્યરત ફ્રાંસ એ ભારત અને ગુજરાત સાથેના વિશેષ સંબંધો ધરાવે છે. ફ્રાંસની ગુણવત્તાયુક્ત જીવનશૈલી અને શિક્ષણ વ્યવસ્થા સૌને આકર્ષે છે. સંશોધન ક્ષેત્રે ફ્રાંસમાં ઉત્તમ તકો રહેલી છે.

કીથ કેન (Mr.KeithKan,Consul and Senior Trade Commissioner, Canada) કેનેડાના પ્રતિનિધી કીથ કેનu (Keith Kan) ભારત –કેનેડાના સંબંધોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ભારત ઝડપથી વિકસતા દેશ તરીકે વૈશ્વિક સ્તરે ઉભરી આવ્યું છે અને કેનેડાની કંપનીઓ મોટા પ્રમાણમાં ભારતમાં કાર્યરત છે. જે બંને દેશોની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવી રહી છે. ભારતીય કંપનીઓ પણ મોટા પાયે કેનેડામાં રોકાણ કરી રહી છે. કેનેડામાં ૧.૪ મિલીયન જેટલા ભારતીયો વસ્યા છે. જેઓ વિવિધ ક્ષેત્રમાં પોતાના યોગદાન થકી પ્રગતિ કરી રહ્યા છે. દર અઠવાડિયે ભારત-કેનેડા વચ્ચે સઘન બની રહેલી હવાઈ સેવા બંને દેશોના અસરકાર સંબંધોની પ્રતિતિ કરાવે છે તેમ તેમણે જણાવ્યું હતુ. ભારત અને કેનેડાએ સાથે મળીને પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણક્ષેત્રમાં ૫૫૦ જેટલા રીસર્ચ કાર્યક્રમ હાથ ધર્યા છે. Mr.Maan Singh Sidhu, Counsellor,S&T and Higher Education , Norwayનોર્વેના માનસિંઘ સિધ્ધુ (MaanSingh Sidhu)એ સમિટમાં જણાવ્યું કે, કોરોના મહામારીની પ્રવર્તમાન પરિસ્થિતિઓમાં વૈશ્વિક સ્તરે વિવિધ વિષયો પર સંકલન સાધવુ ખૂબ જ જરૂરી બન્યું છે. નોર્વે અને ગુજરાત દ્વારા સંયુક્તપણે વિવિધ યુનિવર્સિટી અને સંસ્થાઓમાં શૈક્ષણિક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. નોર્વે અને ભારતના સહિયારા પ્રયાસોના પગલે SDG(Sustainable Development Goals) ટકાઉ વિકાસના વિવિધ લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે ઉજળી તકો સર્જાઈ હોવાનું તેમણે જણાવ્યું હતુ.

ભારત અને નોર્વે દ્વારા ક્લાઈમેટ ચેન્જ, વૈશ્વિક સ્વાસ્થ્ય જેવા વિષયો પર વ્યૂહાત્મક ભાગીદારી કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, નોર્વે એ ભારતનું સહયોગી બની વિદ્યાર્થીઓની જ્ઞાનશક્તિથી વિકાસ સાધી શકશે.

Ms.Rashi Jain, Director (North India), British Council,UKયુનાઈટેડ કિંગડમના પ્રતિનિધી સુ.શ્રી રાશી જૈન (Rashi Jain) ગુજરાત અને બ્રિટનના સંબંધો વિશે વાત કરતાં કહ્યું કે, ગુજરાત રાજ્યએ શૈક્ષણિક ક્ષેત્રે અનેકવિધ પહેલ કરી છે. જેના પરિણામે વર્ષ ૨૦૧૪ થી અત્યાર સુધીમાં ૭ રીસર્ચ પ્રોજેક્ટ શરૂ થયા છે. જેના થકી બંને દેશો વચ્ચે વ્યાપક સ્તરે જ્ઞાનનું આદાન-પ્રદાન શક્ય બન્યું છે. ગુજરાતમાં બાયોટેક યુનિવર્સિટીની સ્થાપનાએ ગુજરાત અને બ્રિટનના સંબંધોમાં નવી રાહ ચિંધી છે.તાજેતરમાં જ ભારત અને બ્રિટનના પ્રધાનમંત્રીશ્રી દ્વારા શિક્ષણક્ષેત્રનો આઈકોનીક ભારત-બ્રિટન રોડમેપ ૨૦૩૦ નો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવવામાં આવ્યો હોવાનું જણાવી આ રોડમેપ બંને દેશોના શૈક્ષણિક અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરી બંને દેશોના સંબંધને વધુ મજબૂત બનાવશે તેવો ભાવ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

# કર્ણાટક રાજયનાં પશુપાલન કેબીનેટ મંત્રી પ્રભુ ચવાણની સાથે એનીમલ હેલ્પલાઈનનાં પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ સાથે મુલાકાત કરી

કર્ણાટક રાજયનાં પશુપાલન કેબીનેટ મંત્રી પ્રભુ ચવાણની સાથે એનીમલ હેપલાઈનનાં પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ સાથે મુલાકાત કરી હતી. મુખ્યમંત્રીશ્રીની શુભેચ્છા મુલાકાત દરમ્યાન ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડના મિતલ ખેતાણી દ્વારા જીવદયા અંગેના પ્રશ્નોની રજૂઆતો કરવામાં આવી હતી. રાજયની તમામ પાંજરાપોળ ગૌશાળામાં અત્યારે સતત અબોલ જીવોની સંખ્યા વધતી જાય છે. પાડા, વાછડા, ખૂબ મોટા પ્રમાણમાં આવી રહયાં છે દાનની આવક ઘટી રહી છે ડેરી ઉદ્યોગ શ્વેતક્રાંતિ ફૂલી ફાલી છે અત્યારે ગુજરાતમાં રોજનું ૧૯૬ લાખ લીટર દુધનું ઉત્પાદન થાય છે પશુપાલકોને ખૂબ જ આર્થિક ટેકો મળી ગયો પણ તેના વાછડા-પાડા સાચવવાનું ભારણ સીધે સીધુ પાંજરાપોળ/ગૌશાળા ઉપર આવી ગયુ છે, રાજસ્થાન સરકારે સ્ટેમ્પ ડયુટી ઉપર ૧૦% સરચાર્જ કરેલ છે અને તે રકમ પાંજરાપોળ/ગૌશાળાને આપવામાં આવે છે, હિમાચલ પ્રદેશની સરકારે દેશી દારૂ ઉપર ૪ રૂપીયા એકસાઈઝ ડયુટી



નાંખેલ છે અને તેમાંથી ૧ રૂપીયો પશુઓ માટે વાપરવાનો નીર્ણય લીધેલ છે. એમીનલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાએ તમામ રાજયોને તા. ૦૩/૦૫/૨૦૧૮ ના રોજ એક એડવાઈઝરી મોકલેલ છે જેમાં પશુ સાચવણી માટે મીનીમમ રેટ ચાર્ટ આપે છે. જે મુજબ મોટા પશુ દીઠ રૂ?. ૨૦૦ અને નાના પશુ દીઠ રૂ?. ૧૨૫ પ્રતિદિન આપવાની ભલામણ કરેલ છે. સુપ્રિમ કોર્ટનો ચુકાદો તેમજ કમિટીના ભલામણો બહુજ સ્પષ્ટ છે, જેમાં કાન્જી હાઉસ કેટલ પોન્ડ તેનો રખરખાવ આ તમામ જવાબદારી રાજય સરકારની છે. એનીમલ વેલફેર બોર્ડ દ્વારા તમામ રાજયોને ૯ મે ૨૦૧૮ ના એક એડવાઈઝરી મોકલવામાં આવી છે તેમાં બહુ સ્પષ્ટ જણાવેલ છે રઝળતાં અબોલ જીવો માટેની વ્યવસ્થા કરવાની રાજય સરકારની જવાબદારી ઠેરવવામાં આવી છે. દિલ્હી સરકારે પણ હાલમાં જ પશુ દીઠ રોજના ૨૫ રૂપીયા સબસીડી આપવાની જાહેરાત કરી છે. સબસીડી માટે અપાતા રૂપીયા હકીકતમાં તો છેવટે ખેડૂતોને જ જાય છે કારણ કે ઘાસ ખેડૂતો પાસેથી જ ખરીદવાનું હોય છે. એટલે ''એન્ડ રીઝલ્ટ'' તરીકે કૃષિ અને ખેડૂતોને ફાયદો થાય છે. ગૌશાળાઓ પાંજરાપોળોને અપાતી સબસીડી ખેડૂતોની આવકમાં વધારો કરશે કારણ કે ઘાસ એ ખેડૂતો માટે વધારાની પ્રોડકટ હોય છે જેના સારા ભાવ ખેડૂતોને મળે તો દેશની સમૃધ્ધિમાં પણ વધારો થશે અને ખેડૂતોની આવક બમણી કરવાના આદરણીય નરેન્દ્રભાઈનું સ્વપ્ન પણ સાકાર કરવામાં મદદરૂપ થશે. સ્ટેટ એનીમલ વેલફેર બોર્ડને તાત્કાલીક કાર્યાન્વિત કરવા વિનંતી કરાઈ હતી. ગુજરાતના તમામ જીલ્લાઓમાં (એસ.પી.સી.એ.) ની રચના કરી તેને કાર્યાન્વિત અને તેના કામોની રોજબરોજની દેખરેખ માટે (એ.ડબલ્યુ.બી)માં અધીકારીની નીમણુંક કરવાનો અનુરોધ કરાયો હતો. ગૌશાળા/પાંજરાપોળોને જેની સાથે રોજબરોજનું કામ પડે છે, જેમના થકી અનુદાનની અપેક્ષા પણ હોય છે અને જેને કરોડો રૂપીયાનું ફંડ પણ સરકાર ઉદારચીતે આપે છે તેવા ગૌસેવા આયોગમાં છેલ્લા ૪ વર્ષથી કોઈ ચેરમેન નથી અને માત્ર અધીકારીઓ કાર્યભાર ચલાવી રહયાં છે. કોઈપણ મળવા પાત્ર ગ્રાંટ રીલીઝ થવામાં ખૂબ અગવડ પડે છે. ગુજરાત ગૌસેવા આયોગ અને ગૌચર વિકાસ બોર્ડમાં ચેરમેનશ્રીની નિમણૂંક કરવા રાજય સરકારને અનુરોધ કરવામાં આવ્યો હતો. ટ્રેકટરો દ્વારા ખેતીના કારણે બળદોની આવશકયતા ઘટી તેથી પ્રદુષણ પણ વધ્યુ ગુજરાત સરકારે ટ્રેકટર ઉપર અપાતી સબસીડી બંધ કરવી જોઈએ અને હળ દ્વારા બળદ વડે થતી ખેતીને પ્રોત્સાહીત કરવા પગલા લેવા જોઈએ. વાહન વ્યવહારમાં પણ જયાં શક્ય છે ત્યાં તમામ જગ્યાએ બળદગાડુ, ઉટગાડી, ઘોડાગાડીને પ્રોત્સાહીત કરવામાં આવે તેવી ભલામણ ગુજરાત સરકારને કરાઈ હતી. જુવાર બાજરીના વાવેતર ઘટયા માટે ખેડૂતો ઘાસચારાલક્ષી જુવાર, બાજરી મકાઈનું વાવેતર વધારે તેવી પ્રોત્સાહકનીતી જાહેર કરવાની ગુજરાત રાજય સરકારને ભલામણ કરાઈ હતી. ગુજરાતમાં જેટલા ગૌચર બચ્યા છે તે બાવળ મુકત થાય દબાણ મુકત થાય તેને ફેન્સીંગ થાય તેના અંદર સારો ઘાસચારો ઉગે અને તે દ્વારા તે વિસ્તારના અબોલ જીવોને શાતા વધે તેવુ આયોજન કરવા ગુજરાત રાજય સરકારને ભલામણ કરાઈ હતી. આ અંગે તરત એકશન અપેક્ષીત છે. જેમ જી.એન.એફ.સી. રાસાયણીક ખાતર પેદા કરે છે. અને તે માટે રાજય સરકાર દરેક પ્રકારે અર્થ સહાય કરે છે તે રીતે દરેક પાંજરાપોળ/ગૌશાળાએ ઓર્ગેનીક મેન્યુર પેદા કરી વ્યવસ્થા છે. ગુજરાત રાજય સરકારની નીતી હોવી જોઈએ તેવો સરકારશ્રીને મિતલ ખેતાણી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ માટે જાહેર કરાયેલા ૧૦૦ કરોડનો લાભ પાંજરાપોળની સાથે સાથે ધર્માદા સંસ્થા તરીકે કાર્યરત ગૌશાળાઓને પણ મળે તેવી ભારપૂર્વકની ભલામણ પણ માનનીય મુખ્યમંત્રીશ્રીને મિતલ ખેતાણી દ્વારા કરવામાં આવી હતી. કર્ણાટક રાજયનાં પશુપાલન કેબીનેટ મંત્રી પ્રભુ ચવાણની શુભેચ્છા મુલાકાત દરમ્યાન તેમની સાથે ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડના મિતલ ખેતાણી, ગુજરાત પશુપાલન વિભાગના સચીવ ડો. ફાલ્ગુનીબેન ઠાકર, ધીરૂભાઈ કાનાબાર (એનીમલ હેલ્પલાઈન, રાજકોટ) ડો. સી. ભાસ્કરા નાયક, ડો. એમ. જયપ્રકાશ, ડો. મંજુનાથ પાલેગર (ડીરેક્ટર–પશુપાલન વિભાગ, કર્ણાટક), ડો. પ્રસાદ મૂર્તિ (એડી. ડીરેક્ટર-પશુપાલન વિભાગ, કર્ણાટક), સંજીવકુમાર, અનીલ પવાર, એડવોકેટ અભય શાહ વિગેરે ઉપસ્થિત રહયાં હતાં.

# સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસીનું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અને શિક્ષણમંત્રીશ્રી શિક્ષણ મંત્રીશ્રી જીતુ ભાઈ વાઘાણી ના હસ્તે અનાવરણ




મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી અને રાજય મંત્રી મંડળ ના સભ્યો ની ઉપસ્થિતિમાં સાયન્સ સીટી ખાતે આયોજિત ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમીક ઈન્સ્ટીટ્યુસન્સ (ICAI-2022) ના ઉદઘાટન પ્રસંગે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી (SSIP 2.0) નું અનાવરણ કર્યું છે.

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી રાજયના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭ થી પાંચ વર્ષ માટે અમલમાં મૂકવામાં આવી હતી

આ પોલીસી નો સમયગાળો તા. ૧૦-૦૧-૨૦૨૨ના રોજ પૂર્ણ થાય છે, જેથી હવે આ નવી સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલીસી (SSIP 2.0)ને વધુ પાંચ વર્ષ માટે એટલે કે જાન્યુઆરી, ૨૦૨૨ થી માર્ચ, ૨૦૨૭ સુધી અમલમાં મુકવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રી એ જે પોલિસી લોંચ કરી તેની વિશેષતાઓ અને લાક્ષણિકતાઓ આ મુજબ છે

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી (SSIP 2.0)ના મુખ્ય લક્ષ્યો

રાજયની તમામ યુનિવર્સિટીઓમાં કાર્યાત્મક ઈનોવેશન અને ઈક્ર્યુબેશન સેન્ટરની સ્થાપના

રાજયની ઓછામાં ઓછી ૧૦૦૦ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ (HEIs) અને ૧૦,૦૦૦ શાળાઓને આવરી લેતા ૫૦ લાખ વિદ્યાર્થીઓને ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતા માટે જાગૃત કરવા

વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત ૧૦,૦૦૦ પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ્સ (PoCs/પ્રોટોટાઇપ)ને સહાય

શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવનાર ૧૦૦૦ પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ્સ (PoCs/પ્રોટોટાઇપ)ને સહાય

વિદ્યાર્થીઓને 5000 IP ફાઈલિંગ માટે સહાય

રાજ્યમાં ઓછામાં ઓછી ૫૦૦ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓની આવરી લઈને લાભાર્થીઓ માટે એક મજબૂત પ્રિ-ઈક્ર્યુબેશન સપોર્ટ સિસ્ટમનું નિર્માણ.

૧૫૦૦ વિદ્યાર્થી સ્ટાર્ટ-અપ્સ અને હાલના સ્ટાર્ટ-અપ્સને અપસ્કેલ કરવા

i-Hubપર ૫૦૦ સ્ટાર્ટ-અપ (ભૌતિક અને વર્ચ્યુઅલ) ઈક્ર્યુબેટ કરવા.

i-Hubખાતે સ્ટાર્ટ-અપ સૃજન સીડ સપોર્ટ હેઠળ ૫૦૦ સ્ટાર્ટ-અપને સહાય

લક્ષ્ય હાંસલ કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા અપાનારા પ્રોત્સાહનો:

રાજયની યુનિવર્સિટીઓ ઈક્ર્યુબેશન સેન્ટરની સ્થાપના કરવા અને ઈનોવેશન પ્રવૃત્તિઓને વેગ આપવા માટે આગામી પાંચ વર્ષમાં મહત્તમ રૂ. ૫ કરોડ સુધીનો લાભ મેળવી શકે છે.

રાજયની સંસ્થાઓ ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે આગામી પાંચ વર્ષમાં રૂ. ૨ કરોડ સુધીનો લાભ મેળવી શકે છે

ઈનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સ માટે IP ફાઈલિંગ સપોર્ટ. (સ્થાનિક માટે રૂ. ૭૫,૦૦૦ સુધી અને અન્ય દેશોમાં ફાઈલ કરવા માટે રૂ. ૧.૫ લાખ સુધી)

સ્ટાર્ટઅપ/ઈનોવેશન માટે મહત્તમ રૂ. ૧૦ લાખ રૂપિયા સુધીના સ્ટાર્ટઅપ્સને સીડ ગ્રાન્ટ

યુનિવર્સિટીઓ/સંસ્થા/ઈક્ર્યુબેટરને જાગૃતિ કાર્યક્રમો/બૂટકેમ્પ/સેમિનાર/કોન્ફરન્સ હોસ્ટ કરવા માટે નાણાકીય સહાય

ઓપન ઈનોવેશન ચેલેન્જ પ્રોગ્રામ દ્વારા ઈનોવેટર્સ, વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટઅપ્સને રૂ. ૨.૫ લાખ સુધીનો સપોર્ટ.

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી (SSIP)ની ઉપલબ્ધીઓ:

રાજયની ૧૮૬ સંસ્થાઓ/યુનીવર્સીટીઓનો SSIP ગ્રાન્ટી સંસ્થા તરીકે સમાવેશ કરેલ છે.

આજ સુધીમાં વિદ્યાર્થીઓ દ્વારા ૨૧૩૨ સ્ટાર્ટઅપ શરૂ કરવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓ દ્વારા ૧૧૨૨ જેટલી પેટન્ટ ફાઈલ કરવામાં આવી છે

વિદ્યાર્થીઓના ૬૨૭૬ જેટલા પ્રૂફ ઓફ કોન્સેપ્ટ પ્રોજેક્ટ (PoCs/પ્રોટોટાઇપ)નું નિર્માણ થયેલ છે

છેલ્લા ૫ વર્ષમાં, ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને સમગ્ર રાજ્યમાં ઈનોવેશન પ્રક્રિયા અને સ્ટાર્ટ-અપ વિશે મૂળભૂત જાગરૂકતા માટેની માહિતી આપવામાં આવેલ છે

રાજયભરમાં SSIP અંતર્ગત ૫૫૯૩ જેટલા અવરનેસ પ્રોગ્રામ કરવામાં આવ્યા છે

SSIP એ સમગ્ર દેશમાં એકમાત્ર પોલીસી છે જેનો ઉદ્દેશ્ય મોટા પાયે વિદ્યાર્થી ઈનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સને પોષણ આપવા અને સમર્થન આપવાનો છે.

છેલ્લા બે વર્ષમાં સમગ્ર રાષ્ટ્રમાં સ્ટાર્ટઅપ પર્ફોર્મન્સ રેક્રિંગમાં ગુજરાત નંબર ૧ પર છે.

આ રેક્રિંગમાં, ભારત સરકારે શિક્ષણ વિભાગના SSIP દ્વારા કરવામાં આવેલા પ્રયાસો અને યોગદાનને વિશેષરૂપે સ્વીકાર્યું છે અને પ્રશંસા કરી છે.

## અમદાવાદની સાયન્સ સિટી ખાતે ICAI-2022 બે દિવસીય એક્ઝિબિશનનો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



અમદાવાદની સાયન્સ સીટી ખાતે વાઈબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ - ૨૦૨૨ના ભાગરૂપે આયોજિત બે દિવસીય 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન' અંતર્ગત યોજાયેલા રાજયની ઉચ્ચ શિક્ષણની અગ્રણી સંસ્થાઓ તેમજ યુનિવર્સિટીના એક્ઝિબિશનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ખુલ્લું મૂકાયું હતું. આ પ્રસંગે ગુજરાત રાજયના શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી, મંત્રી શ્રી ડો. કુબેરભાઇ ડિંડોર, મંત્રી શ્રી કિરિટસિંહ વાઘેલા, મંત્રી શ્રી બ્રિજેશકુમાર મેરજા, પૂર્વ ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રી એસ.જે.હૈદર તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ એક્ઝિબિશનમાં ગુજરાત યુનિવર્સિટી, બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, ચરોતર યુનિવર્સિટી, એમ.એસ યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, આઈ.આઈ.ટી.ગાંધીનગર, રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, સેપ્ટ, જીટીયુ, મારવાડી યુનિવર્સિટી, ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, પી.આર.એલ તેમજ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સહિત ૫૪ જેટલી યુનિવર્સિટી-સંસ્થાઓના સ્ટોલ પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

ઉચ્ચ શિક્ષણના પ્રકાશનો પ્રકાશિત કરતી સંસ્થા ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ તેમજ એન.સી.આર.ટી ઉપરાંત ગુજરાત મેરિટાઇમ યુનિવર્સિટી, સ્પેસ એપ્લિકેશન સેન્ટર-ઈસરો, આઇ-હબના પણ સ્ટોલ અહીં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ પ્રદર્શનમાં વિવિધ સંસ્થાઓ-યુનિવર્સિટીઓ દ્વારા પ્રદર્શિત કરાયેલી શૈક્ષણિક કામગીરી-પ્રવૃત્તિઓ અને તેમના આગામી આયોજનો મુલાકાતી-વિદ્યાર્થીઓ માટે ઉપયોગી નીવડશે.

## દેશના ૧૦૧ ડોક્ટરોએ પ્રધાનમંત્રીને પત્ર લખ્યો

# બાળકોને આપવામાં આવતી કોરોનાની રસીનું અભિયાન તાત્કાલિક બંધ કરો

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,સોમવાર

કોરોનાની ત્રીજી લહેર આવવાની છે અને તેની અસર બાળકો ઉપર વધુ થશે એવા કારણો બતાવીને બાળકોને રસી આપવા માટેનું અભિયાન ભારતમાં શરૂ કરાયુ છે પરંતુ આ અભિયાન ખોટુ છે અને બાળકોને રસી આપવી જોઇએ નહી એવી દલીલો સાથે ભારતના ૧૦૧ ડોક્ટરોએ તા.૭મી ઓક્ટોબરે પ્રધાનમંત્રીને પત્ર લખ્યો છે અને બાળકોને રસી આપવાનું અભિયાન તાત્કાલિક બંધ કરવા માટે વિનંતી કરી છે

## બાળકોમાં કોરોના સામે ઈમ્યુન સિસ્ટમનો વિકાસ થઈ ચુક્યો છે અને એવા કોઇ પુરાવા નથી મળ્યા કે કોરોનાની ત્રીજી લહેર બાળકો માટે ખતરનાક છે

વડોદરા, ભરૂચ અને સુરતમાં સામાજીક કાર્યો કરતા તથા સિનિયર ગાયનેકોલોજિસ્ટ માયા વાલેચા સહિત ૧૦૧ ડોક્ટરોનું કહેવુ છે કે કોરોનાનું સંક્રમણ એ હદે ફેલાઇ ચુક્યુ છે હવે દેશના તમામ બાળકોમાં કોરોના સામે ઇમ્યુનિટી આવી ગઇ છે એટલે ત્રીજી લહેર બાળકો માટે ખતરનાક છે એવુ કહેવુ અવૈજ્ઞાનિક છે.

એઇમ્સના ડાયરેક્ટર રણદીપ ગુલેરીયા અને પિડિયાટ્રિક એસોસિએશન પણ આ વાતને સમર્થન આપ્યુ છે. સ્વાસ્થ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રી મનસુખ માંડવીયા પણ લોકસભામાં કહી ચુક્યા છે કે દુનિયામાં એવા કોઇ પુરાવા નથી મળ્યા કે કોવિડ ૧૯ અથવા તો ડેલ્ટા વેરિએન્ટથી બાળકોને ખતરો છે. બાળકો માટેની રસીને ઇમરજન્સી મંજૂરી આપવામાં આવી છે અને આ રસીની લાંબાગાળે બાળકો ઉપર શું અસર થશે તે



અંગે કોઇ સંશોધન નથી થયુ માટે આવી રસી બાળકો માટે ખતરનાક સાબિત થઇ શકે તેમ છે. માટે બાળકો પર ચાલી રહેલી તમામ કોવિડ -૧૯ રસીઓનું પરીક્ષણ કરવાનું બંધ કરો.બાળકો માટે કોવિડ ૧૯ની જે રસીને ઇમજન્સી મંજૂરી આપવામાં આવી છે આવી રસીઓ આપવાનું બંધ કરવુ જોઇએ નિષ્ણાતોની સલાહ મુજબ, બાળકોની શાળાઓ અને કોલેજો કોઇપણ વિલંબ વગર અને કોઇપણ પ્રતિબંધ વિના તરત જ શરૂ કરો તેવી ડોક્ટરોની માગ છે.ઉલ્લેખનિય છે કે, ડો. માયા વાલેચા ગાયનેકોલોજિસ્ટ તરીકેની પ્રેક્ટિસ ૨૦ વર્ષ પહેલાં છોડીને સામાજીક કાર્યોમાં લાગ્યા છે.

# ડાંગ જિલ્લાનો "જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ" તા. ૨૭મી એ યોજાશે

આહવા તાઃ ૫ઃ

મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને, ડાંગ જિલ્લાના પ્રજાજનોની ફરિયાદ કે પ્રશ્નોના નિવારણ માટે આગામી તા.૨૭/૧/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યા થી શરૂ કરીને, લોકો તરફથી મળેલ ફરિયાદ પ્રશ્નોના નિવારણ અંગે જિલ્લા કક્ષાએ કલેકટરશ્રી ડાંગના અધ્યક્ષપણા હેઠળ, કલેકટર કચેરી, આહવાના સભાખંડમા "ફરિયાદ નિવારણ કાર્યક્રમ" યોજવામા આવનાર છે.

આથી જિલ્લાની જાહેર જનતાને પોતાની ફરિયાદ કે પ્રશ્નો જે ખાતા કચેરીને લગતા હોઈ તે ખાતા કચેરીને બારોબાર તા.૨૦/૧/૨૦૨૨ સુધીમા મોકલી, તેની એક નકલ કલેકટરશ્રી, ડાંગને મોકલી આપવા જણાવાયુ છે. કલેકટર કચેરી ડાંગને લગતા પ્રશ્નો સિવાયના કોઇ પણ પ્રશ્ન, સીધા કલેકટર કચેરી ડાંગને મોકલવા નહી.

ન્યાયની કોર્ટમા ચાલતા વિવાદ, મહેસુલી કોર્ટને લગતા પ્રશ્નો, સબ જયુડીશીયલ પ્રશ્નો, તથા નોકરીને લગતા પ્રશ્નો આ કાર્યક્રમમા લક્ષમા લેવામા આવશે નહિ.

અરજદારએ એક જ પ્રશ્ન, સંપૂર્ણ વિગતોસહ સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરોમા રજુ કરવાના રહેશે. રજુ કરવામા આવનાર પ્રશ્નોના કવર ઉપર "જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૭/૧/૨૦૨૨" એમ અચૂક લખવા અને ફરિયાદ નિવારણ કાર્યક્રમના દિવસે અરજદારે ઉકત જણાવેલ સ્થળે સમયસર અચૂક હાજર રહેવા અનુરોધ કરાયો છે.

નરેન્દ્ર પવાર

## ઉર્જા વિભાગ ભરતી કૌભાંડ :

# BJP યુવા મોરચાના મહામંત્રી અવધેશ પટેલ મીડિયા સામે પ્રગટ થયો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ઉર્જા વિભાગની ભરતી કૌભાંડમાં વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ અરવલ્લી જીલ્લા ભાજપ યુવા મોરચાનો મહામંત્રી અવધેશ પટેલ

સમગ્ર ભરતી કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર અને વચેટિયા તરીકે ભૂમિકા ભજવી હોવાનો આક્ષેપ કરતા ભારે સનસનાટી મચી હતી જીલ્લા સહીત ગુજરાતના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો અને રાજકીય પક્ષોએ ભાજપ પર માછલાં ધોયા હતા ઉર્જા ભરતી કૌભાંડમાં નામ આવતા મીડિયાથી કિનારો કરી લીધા પછી બીજા દિવસે મોડાસા સર્કિટ હાઉસમાં પ્રેસ કોન્ફરન્સ કરી અવધેશ પટેલે બચાવ કર્યો હતો બીજીબાજુ સાબરકાંઠાના યુજીવીસીએલમાં ફરજ બજાવતા અને કથિત કૌભાંડમાં સંડોવાયેલ હર્ષદભાઈ નાઈ પણ મીડિયા સમક્ષ આપના યુવા નેતા યુવરાજસિહના આક્ષેપને પાયા વિહોણા ગણાવ્યા હતા. ઉર્જા વિભાગમાં ભરતી કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર તરીકે અરવલ્લી બીજેપીના યુવા મોરચાના મહામંત્રી અવધેશ પટેલનું નામ બહાર આવતા ભુગર્ભમાં ઉતરી ગયેલ અવધેશ પટેલ આજે મીડિયા સામે પ્રગટ થયો હતો અને પત્રકાર પરિષદ કરી જણાવ્યું હતું કે 'હું માનસિક રીતે કંટાળ્યો હોવાથી ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. જો મારું ઈન્વોલમેન્ટ હોય તો કાયદાકીય કાર્યવાહીમાં મારો સહકાર ન હોય. યુવરાજ સાબિત કરી બતાવે કે, મેં વિદ્યાર્થી પાસે પૈસા લીધા છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, 'હું યુવરાજ વિરુદ્ધ બદનક્ષીનો દાવો કરવા જઈશ. મને શંકા તો છે પણ મારે અત્યારે કાંઈ જાહેર નથી કરવું. આ એક રાજકીય બદનામી કરવાનો સ્ટંટ છે. ' અવધેશ પટેલે વધુમાં જણાવ્યા પ્રમાણે, યુવરાજસિંહે મને શિક્ષક કહ્યો પરંતુ હું શિક્ષક નથી હું પશુપાલન અને ખેતી સાથે સંકળાયેલો છું. હું કોઇ ક્લાસીસ નથી ચલાવતો કે કોઇ શિક્ષક નથી. સ્થાનિક પંચાયતની ચૂંટણી પુરી થઇ છે જેને કારણે આ કોઇ કાવતરું લાગી રહ્યું છે. આથી વિશેષ કાંઇ હોય એમ લાગી નથી રહ્યુ. મને જાણવા મળ્યું હતુ કે, ધનસુરામાં યુવરાજસિંહ આવ્યા હતા જેથી કોઇ કાવતરું થયું હોય એમ લાગી રહ્યુ છે.

વિદ્યાર્થી યુવાનેતા યુવરાજસિંહના આક્ષેપ પ્રમાણે વચેટીયા તરીકે ધનસુરાનો અવધેશ પટેલ, વડોદરાની એનએસઇ આઇટી કંપની (મહારાષ્ટ્ર)નો શ્રીકાંત શર્મા, ટ્યુશન ક્લાસ ચલાવતો અજય પટેલ, અરવિંદ પટેલ, જીયુવીએનએલમાં ઉચ્ચ અધિકારી પ્રજાપતિ, હર્ષ નાઇ, પ્રાંતિજ સેન્ટર ઉપર હાલ પરીક્ષા આપતા મિત પટેલનો સમાવેશ થાય છે. ભરતીમાં જે લોકોએ પૈસા આપીને ઊર્જા વિભાગમાં નોકરી મેળવી લીધી છે તેમાં હિતેશ પટેલ, કુશાંગ પટેલ, ધવલ પટેલ, પ્રિયંક પટેલ, આંચલ પટેલ-રાહુલ પટેલ (પતિ-પત્ની), પ્રદીપ પટેલ, બાબુ પટેલ, જીગીશા પટેલ, ધ્રુવ પટેલ, રજનીશ પટેલ વિગેરેનો સમાવેશ થાય છે.

# અંબાજી યાત્રાધામમાં કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ દ્વારા રોડનાં નામે ભ્રષ્ટાચાર કર્યો

અંબાજી યાત્રાધામમાં કોન્ટ્રાક્ટરો દ્વારા અનેક કામો કરવામાં આવે છે ત્યારે અધિકારીઓ પોતાની ટકાવારી લઇને કોન્ટ્રાક્ટરોને કામ આપતાં હોય તેવી ચર્ચાઓ થઈ રહી છે ત્યારે કોન્ટ્રાક્ટરો કામ કરતા હોય છે ત્યારે અંબાજી ના જુના નાકાં થી લઈને ગબ્બર સર્કલ સુધી નવિન આરસીસી રોડ બનાવવામાં આવ્યો છે ત્યારે રોડનાં હજુ ગણતરીના દિવસો થયા છે ત્યારે રોડમાં ખાંડા પડી ગયા છે કોઈ જગ્યાએ તિરાડો પડી ગઈ છે ત્યારે આ રોડમા કોન્ટ્રાક્ટરે હલકી ગુણવત્તાનો માલ વાપરી ને રોડનાં નામનાં ખાલે



અધિકારીઓ ને ટકાવારી આપીને બીલ પાસ કરાવતા હોય તેમ લાગી રહ્યુ છે ત્યારે તાજેતરમાં બનેલા આરસીસી રોગમાં કોન્ટ્રાક્ટર દ્વારા થીંગડા મારવાનું ચાલુ કર્યું તો આ નવિન બનેલા આરસીસી રોડમા શું સરતો રાખવામાં આવી છે અને કયાર સુધી કોન્ટ્રાક્ટરની જવાબદારી હોય છે અને આ રોડમા થયેલા ભ્રષ્ટાચાર ની તપાસ વિજિલન્સ દ્વારા કરવામાં આવે તેવી અંબાજીના રહીશો ની માંગ ઉઠી રહી છે

અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

## ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈનસ્ટીટયુટ

# વાઈબ્રન્ટ ગુજરાત એજયુકેશન સમીટ-૨૦૨૨,રાષ્ટ્રીય શિક્ષા નીતિ-૨૦૨૦- નવા ભારતની આધારશિલા




સાયન્સ સીટી ખાતે આયોજિત ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમીક ઈન્સ્ટીટ્યુસન્સ (ICAI-2022) માં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી અને રાજય મંત્રી મંડળના સભ્યોની ઉપસ્થિતિમાં દેશ વિદેશનાં એજ્યુકેશન સાથે સંકળાયેલા વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ગુજરાતના શિક્ષણ વિભાગ સાથે ૨૪૬૦ જેટલા MoUસાઈન કરવામાં આવ્યા હતા. આજરોજ મહાનુભાવોની ઉપસ્થિતમાં પ્રતિકરૂપે ૩૦ સૈંકરવામાં આવ્યા હતા.જેમાં બ્રિટીશ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, યુનેસ્કો MGIEP,, કેમ્બ્રિજ યુનિવર્સિટી, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-ગાંધીનગર,નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ,ચંદીગઢ યુનિવર્સિટી, અદાણી ફાઉન્ડેશન,(ઉડાન),સિલ્વર ઓક યુનિવર્સિટી,ઈન્ડો-જર્મન ટુલ રૂમ-અમદાવાદ, કૌશલ્ય-ધ સ્કીલ યુનિવર્સિટી,SMSR ઈન્ફ્રાસ્ટ્રક્ચર LLP, Shorting Hat Technologies Pvt Ltd,TMRWLtd,Pappayalite Pvt Ltd,,Pidilite industries Ltd,Vedantu innovation Pvt Ltd,Otemon GakuniUniversity,Japan, UNICEF, DARO, Institutions of fire Engineering, Gujarat chapter,Indo American Education society,Ideal institute of technology,Invers Semiconductors Limited, સૈનિક સ્કૂલ સોસાયટી,, Erasmus Mundus Europeam Union Consortium GATE Project, સંસ્કૃત ભારતી નવી દિલ્હી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, આત્મીય યુનિવર્સિટી, Research center for Agricultural and Rural Studies,St.Xavier's college, Mumbai,TiE Ahmedabad Angles,Innodesk Designovation Service, Ahmedabad દ્વારા વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, ઈન્સ્ટિટ્યૂટ સાથે MoUથયા હતા.

# અરવલ્લીમાં દ્વિતીય દિવસે ૧૩૩૯૦ વિદ્યાર્થીઓને કોરોના સામે સુરક્ષા કવચ પુરૂ પડાયું

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

સમગ્ર રાજયમાં સોમવારથી "૧૫ થી ૧૮ વર્ષના વય જુથના" બાળકોનું કોવિડ-૧૯ રસીકરણ " હાથ ધરાયું છે જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં પ્રથમ દિવસે ૧૭૯૪૨ વિદ્યાર્થીઓને રસીકરણથી આવરી લેવાયા હતા જયારે દ્વિતીય દિવસે ૧૩૩૯૦ કિશોર-કિશોરીઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું.

અરવલ્લી કલેકટરશ્રી ડૉ.નરેન્દ્રકુમાર મીણાના માર્ગદર્શન હેઠળ જીલ્લાની ૧૭૦ શાળાઓના અંદાજિત ૬૦ હજાર કરતા વધારે બાળકોને રસીકરણથી આવરી લેવા ૨૧૮થી વધુ આરોગ્યની ટીમોની રચના કરવામાં આવી છે. પ્રથમ દિવસે ૧૭૪૯૨ વિદ્યાર્થીઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું જયારે દ્વિતીય દિવસે બાયડના ૩૪૬૭, ભિલોડાના ૨૦૧૪,મોડાસાના ૩૨૦૨, ધનસુરાના ૯૬૭, મેઘરજના ૨૨૭૨ અને માલપુરના ૧૪૬૮ મળી જિલ્લાના કુલ ૧૩૩૯૦ તરુણ-તરૂણીઓનું કોવિડ-૧૯ અંતર્ગત રસીકરણ કરવામાં આવ્યું હતું જેમાં ૭૧૮૦ કિશોર અને ૬૪૬૫ કિશોરીઓનું સમાવિષ્ટ થાય છે.




અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ આહવા-ડાંગ દ્વારા આજ રોજ આહવા ખાતે આવેલ એક માત્ર ગવર્ન્મેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ના બિલ્ડીગ ની હાલત ખૂબ જ જર્જરીત હોવાથી ચોમાસા દરમિયાન ભરપૂર પ્રમાણમાં છતમાંથી પાણી ટપકવું, શોર્ટ સર્કિટ થવું તેમજ છત પડી જવી જેવા ઘણાં અણબનાવ બની ચૂક્યા છે અને તેનાં ભોગ વિદ્યાર્થી મિત્રો બની રહ્યા છે. એ અનુસંધાને આજ રોજ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ડાંગ દ્વારા કલેકટર શ્રી ને આવેદન પત્ર આપવામાં આવ્યું. નરેન્દ્ર પવાર,ડાંગ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK